મનમેળો

by Ashutosh parekh

"સરળ નથી પોતાના પ્રેમને બીજા સાથે જોવો"



VISIT…

LANZAROTE Caliente.com

મનમેળો

by Ashutosh parekh

"સરળ નથી પોતાના પ્રેમને બીજા સાથે જોવો"



"મનમેળો"

Presented by :- Ashutosh parekh

Storied and written by :- Ashutosh parekh

શિયાળાની ઠંડી સવારે અમદાવાદમાં રહેતા જય અને તેની પુત્રી કૃતિકા કાંકરિયા લેક માં જોગિંગ કરવા નીકળ્યા. જોગિંગ કરવાના બહાને કૃતિકા આવી તો ખરી પણ તેણે ગાડીમાંથી બેગ કાઢી અને પોતાની કહાની લખવાની શરૂ કરી. તે જોઈ તેના પપ્પા બોલ્યા.

જય: તે મને કહ્યું હતું કે તું જોગિંગ કરવા આવીશ મારી સાથે.

કૃતિકા: હા હું જોગિંગ કરીશ પણ મે એવું નથી કહ્યું કે કેટલી કરીશ. તમારો છેલ્લો ચક્કર આવે ને ત્યારે કહેજો. હું આવીશ તમારી સાથે.

જય: તારી મમ્મીના લક્ષણ દેખાય છે તારા માં.

કૃતિકા: જાઓ જાઓ હવે. મને મારું કામ કરવા દો.

જયે લેકના ત્રણ ચક્કર લગાયા ને પાછો કૃતિકા પાસે આવ્યો એટલે જોયું કે તેને કાગળનો કચરો ફેલાવી રાખ્યો હતો. તેણે વઢતા કહ્યું,

જય: આ શું કરે છે? કચરો ફેલાવે રહી છે તું. આને ઉપાડ અને કચરાપેટીમાં નાખ અને ચાલ, છેલ્લો ચક્કર છે.

કૃતિકાએ કાગળનો કચરો ઉપાડી કચરાપેટીમાં નાખ્યો અને છેલ્લા ચક્કર માટે દોડવા લાગી. દોડતા દોડતા બન્ને વાત કરી રહ્યા હતા.

જય: આ વખતે કઈ કહાની લખી રહી છે?

કૃતિકા: શું ફરક પડે તમે ક્યાં મારી કહાની વાંચો છો.

જય: તો ના જ વાચું ને. તારી કહાનીમાં હોય છે શું! ડ્રેગન અને ડ્રેક્યુલા જેવી કાલ્પનિક વસ્તુઓમાં મને રસ નથી. કહાની તો એવી હોવી જોઈએ કે વાંચવામાં રસ પડે. એવી કે વાંચીએ તો એવું થઉ જોઈએ કે વાહ! જિંદગી હોય તો આવી, નહિ તો એવી હોવી જોઈએ કે કહાની હકીકત હોય જેના પાત્રોથી આપણને પ્રેરણા મળે.

કૃતિકા: પ્રેરણા આપવા વાળા ઘણા પાડ્યા છે. આજકલ લોકો બે કે ત્રણ લાઈનો લખી મોટીવેશન આપી દે છે એટલે પ્રેરણા માટે કોઈ આવડી મોટી બુક ના વાંચે. હું તો એટલે લખી રહી છું કે મારી બુકને લઈને કોઈ ફિલ્મ બનાવે.

જય: આ તો છેલ્લી ચાર બુક લખી ત્યારથી સાંભળું છું. કોઈએ ફિલ્મ બનાવી ખરા?

કૃતિકા: અત્યાર સુધી તો નહિ બની પણ હવે બનશે.

જય: આ પણ ક્યારનો સાંભળું છું.

કૃતિકા તેના પપ્પાને હળવો ધક્કો મારીને ગાડી પાસે પહોંચી ગઈ. બન્ને ગાડી પાસે પહોંચ્યા અને ઘરે જવા નીકળ્યા.

કૃતિકા: હું વિચારું છું આ વખતે હું કોઈ પ્રેમ કહાની લખીશ.

જય: સરસ તો હું વાંચીશ.

એક વખત કૃતિકા તેના રૂમમાં તેની કહાની લખતી હતી એટલામાં તેના પપ્પા ત્યાં આવ્યા ને જોયું કે તે ઉદાસ બેઠી છે. જયે તેનું કારણ પૂછ્યું, "શું થયું, બેટા. કેમ ઉદાસ છે?" એટલામાં તેની મમ્મી અદિતિ પણ ત્યાં આવી તેણે કહ્યું," તે છેલ્લા કેટલાય દિવસોથી સારી કહાની લખવાની કોશિશ કરે છે પણ કઈ મેળ પડતો નથી.

જય: તો તું શિખવાડ તેને. તું પણ તો લેખિકા જ છે. તને જોઇને તે પણ લખે છે.

અદિતિ: મે તો કહ્યું હું મદદ કરુ પણ તે કહે છે કે ના હું જાતે લખીશ.

જય કૃતિકાને: તો તો આમાં પણ ડ્રેગન ને વેમ્પાયર કે કોઈ નવું પ્રાણી ઉભુ કરશે અને એની લવસ્ટોરી લખશે.

કૃતિકા: ભલે.

અદિતિ: એક કામ કર. તારા પપ્પાની કહાની લખ.

કૃતિકા: શું વાત કરો છો. તમારી પણ સ્ટોરી છે! મારે સાંભળવી છે કહો ને મને.

જય: ના ના... એમાં એવું કઈ નથી. એ તો મારા મિત્રોની કહાની છે. તને ના કહેવાય તું રિલીઝ કરી દે તો આમાં મારા મિત્રનો રાઝ છે.

કૃતિકા: તમને મારા પર ભરોસો નથી? હું નહિ કરું એવું.

જય: અત્યારે રાત થઈ ગઈ છે. સૂઈ જા. કાલે કહીશ.

કૃતિકા: ના. અત્યારે જ કહો. નહિ તો હું આખી રાત જાગીશ.

જય: સૂઈ જા. કાલે વિચારીને કહીશ. કેવી રીતે શરૂઆત કરીશ. શું શું તને કહીશ, બરાબર! અત્યારે સૂઈ જા.

કૃતિકા: ના હું નઈ સૂવું.

જય: તો જાગ.

એમ કહી જય તેના રૂમમાં સુવા જતો રહ્યો અને કૃતિકા ત્યાં બેસી રહી. તેની મમ્મી અદિતિ ત્યાં ઊભી જોતી રહી અને તેને કહ્યું,

અદિતિ: તો પાક્કું છે તું નઈ સુવે?

કૃતિકા: હા.

અદિતિ: સારું.

તેની મમ્મી પણ ત્યાંથી જતી રહી અને કૃતિકા ત્યાં બેસી રહી. થોડીવાર થઈ એટલે તેની મમ્મી પાછી આવી. તેના હાથમાં એક બુક હતી તે કૃતિકા ને આપી.

કૃતિકા: આ શું છે?

અદિતિ: આ એ છે જે તારા પપ્પા કાલે કહેવાના છે.

કૃતિકા: મતલબ આ એમના મિત્રોની કહાની છે?

અદિતિ: હા.. એમણે મને કહી હતી. તો મે એને પબ્લિશ કરવાનું વિચાર્યું પણ તેમણે ના પાડી.

કૃતિકા: કેમ?

અદિતિ: કેમ કે તેમાં એમના મિત્ર નો રાઝ છે. ખાનગી વાત છે જે એમના સિવાય કોઈને નથી ખબર. પણ કદાચ તું પબ્લિશ કરીશ તો તને ના નહિ પાડે કેમ કે તું એમની લાડલી છે ને.

કૃતિકા: હમમ..

અદિતિ: તું જાગવાની જ છે તો આ વાંચી લે. સવારે તારા પપ્પાને સરપ્રાઈઝ આપજે.

કૃતિકા: ઓકે.

અદિતિ પણ સુવા જતી રહે છે અને કૃતિકા બુક વાંચવાનું શરૂ કરે છે.

તો બુકમાં લખેલી કહાની એ છે કે.....

પ્રસ્તાવના:-

કૉલેજના સમયની વાત છે. કહાનીમાં પાંચ પાત્રો છે ને અમે પાંચેય મિત્રો છીએ. પેહલા અમારા ગ્રુપમાં ચાર મિત્રો હતા વાણી નતી. એક આકાશ જેનું હુલામણું નામ અક્સ, બીજો મારો મિત્ર 'નિલય' જેને પ્રેમથી અમે નિલુ કહીને બોલાવતા તે ગ્રૂપનો સૌથી અમીર માણસ હતો પૈસા ખર્ચવામાં તે ક્યારેય પાછો નતો પડતો. ત્રીજો જય જે ગ્રુપનો બૉડીગાર્ડ. લડાઈ થાય એટલે એ સૌથી આગળ જ હોય. ચોથી છે છોકરી જે ગ્રુપની નટખટ છોકરી રિંકલ જે અમને બધાને સાથે રાખે છે. તેને બધા રિંકુ કહેતા. આ બધા મુખ્ય પાત્ર છે.તેઓ બધા એમ.કોમ કરી રહ્યા હતા તેના છેલ્લા વરસની વાત છે.

કહાનીની શરૂઆત આકાશ,નિલય અને જયથી થાય છે. એકવાર તે ત્રણેય સાબરમતી નદીના કિનારે બેઠા હતા. અમારા બીજા વરસની એક પરિક્ષા બાકી હતી. તેના આગલા દિવસે અમે ત્રણેય નદી કિનારે ભેગા થઈને ચા પીતા પીતા વાતો કરતા 'તા.

આકાશ: જો નિલુ, કાલે આપણે પરિક્ષામાં મોબાઇલ લઈ જવાનો છે અને પેપર પાસ કરવાનું છે. બહુ બધી. કાપલીઓ લાવ્યા કરતા મે મોબાઈલમાં બધા ફોટા પાડી લીધા છે એમાંથી જોઈને લખવાનું છે.

નિલય: અને જો કોઈનો ફોન આવ્યો તો અને રીંગ વાગી ગઈ તો. તું સાઈલેન્ટ કરવાનું ભૂલી ગયો તો?

જય: તો તને ખબર જ છેને શું કરવાનું.

નિલય: આહહ્... પેલું કરવાનું છે એમ ને.

આકાશ: હા. સમજી ગયો ને તું. સરસ.

ત્રણેય હસવા લાગે છે એટલામાં આકાશના ફોનમાં રીંગ વાગી.

નિલય: હા જો કાલે પણ આમ જ રીંગ વાગશે.

સાંજના આઠ વાગ્યા એટલે આકાશના ઘરે થી રોજની જેમ એના પપ્પાનો ફોન આવી જાય છે. એ ફોન જોઈને આકાશનો ખીલેલો ચેહરો તરત જ મુરજાઇ જાય છે. આ જોઈને એના મિત્ર જય આકાશને પૂછ્યું ;

જય: કાં, ભૂરા શુ થયુ ? તારું ડાચું કાં મૂર્જાઈ ગયું ?

અક્સ(આકાશ): કઇ નઇ યાર બાપાનો ફોન છે . સારુ ચાલો હુ જાઉ છુ કાલે મળીયે પરીક્ષામાં.

નિલય: અક્સ ફોન ના ભૂલતો.

અક્સ:(હસ્તા હસતા) એના વગર પાસ કેમ ના થઈશું.

ત્યારબાદ તેઓ પોતપોતાના ઘરે જવા નીકળ્યા. અક્સ એના ઘરે પોહચે છેને દરવાજો ખોલતા જ એના પપ્પાએ અક્સને વઢવાનું ચાલુ કરી દીધુ.

અક્સના પપ્પા:(ગુસ્સામાં) ક્યાં હતો અત્યાર સુધી, તને ભાન છે કે નઈ કાલે તારી પરીક્ષા છે, રખડયા કરતા ભણવામાં ધ્યાન આપ, તો પાસ થઈશ જા વાંચવાં બેસ.

અક્સ: હું જમી લઉ પહેલાં?

અક્સના પપ્પા: બસ ખાવું ને રખડવું બે જ વસ્તુ આવડે છે.

અક્સ આવું સાંભળતા જ પોતાના રૂમ માં જમ્યા વગર જ જતો રહે છે અને વાંચવાં બેસી જાય છે. થોડીવાર થતા ઘરના હોલમાંથી એના મમ્મી પપ્પાના ઝઘડવાનો અવાજ આવે છે. તેના માટે આ અવાજ આદત બની ગઈ હતી. આ રોજ રોજના કંકાસથી અક્સ કંટાળી જાય છે અને તે વાંચતાં વાંચતાં જ સુઈ જાય છે. આખી રાત તે ટેબલ પર ટેકો રાખીને જ ખુરશી પર સૂઈ ગયો. સવાર પડી એટલે તેનો મિત્ર નિલ્યા(નિલય) નો ફોન આવે છે . અક્સ ઊંઘમાંથી જાગીને તેના ફોનનો જવાબ આપે છે.

નિલય: ક્યા છે તું? તારે પરીક્ષા આપવાની છે કે નઈ ?

અક્સ: આયો લ્યા બુમો ના પાડીશ

નિલય: જલ્દી આવ ને ટાઈમ થઈ ગયો છે.

આકાશ ક્લાસમાં પહોંચ્યો અને તેની પરિક્ષા આપવા બેઠો. તેને ચૂપકેથી મોબાઈલ કાઢ્યો અને પાડેલા ફોટામાંથી તેણે જવાબો લખ્યા. ક્લાસમાં ફરતા સુપરવાઈઝર તેની બાજુ આવ્યા એટલે તેણે મોબાઈલ સંતાડી દીધો. થોડીવાર થઈ એટલે તેના ફોનની રીંગ વાગી, આકાશને યાદ આવ્યું કે તે સાઈલેન્ટ કરવાનું તો ભૂલી જ ગયો. રીંગ વાગતા તેણે બૂમો પાડી ગીતો ગાવાનું ચાલુ કરી દીધું. તે સાંભળી નિલયે પણ ગીતો ગાવાનું ચાલુ કર્યું. ક્લાસમાં બેઠા બધા તેના મિત્રોએ જોર જોરથી ગીતો ગાવાનું ચાલુ કરી દીધું. સુપરવાઈઝર ગુસ્સે થઈ બધાને ચૂપ થવાનું કહ્યું પણ જ્યાં સુધી રીંગ વાગી ત્યાં સુધી લોકોએ બૂમો પાડી ગીતો ચાલુ રાખ્યા. આકાશ ચૂપ થયો એટલે બધા ચૂપ થઈ ગયા. પછી ચુપકેથી મોબાઈલ સાઈલેન્ટ કરી મોબાઈલમાંથી જોઈ જોઈ લખી પેપર પૂરું કર્યું. પછી આકાશે તે મોબાઈલ વોશરૂમ માં જઈ સંતાડ્યો તે પાછો આવ્યો એટલે નિલયે વોશરૂમ માં જઈ તે મોબાઈલ લઈને તેણે પણ પોતાનું પેપર પૂરું કર્યું. એવી રીતે જયે પણ પેપર લખ્યું. પછી ત્રણેય બહાર આવ્યા.

આકાશ: હાશ... આજે તો માંડ માંડ બચ્યા.

નિલય: સાલા.. ગધેડા.. સાઈલેન્ટ કરવાનું કેમ ભૂલી જય છે.

આકાશ: હા તો હવેથી તું લઈને આવજે. બરાબર.

નિલય: ના ના... તારે જ કરવાનું એ બધું.

જય: અક્સ, તારે તો કાલે કોઈ સરકારી પરિક્ષા આપવાની છેને?

અક્સ: હા યાર. મારે તો તેના માટે પણ વાંચવાનું છે. મારે નીકળવું પડશે.

આકાશ ઘરે પહોંચ્યો અને તેની વાંચવાની તૈયારી કરી. બીજા દિવસે તે કોઈ બીજી કોલેજમાં તે પરિક્ષા આપવા પહોંચ્યો. આકાશ પરીક્ષાનો નંબર અને ક્લાસ જોઈને પોતાના ક્લાસમાં પહોંચે છે. પેપર હાથમાં આવે છે એટલે અક્સને એનું વાંચેલું કાઈ જ યાદ નથી આવતુ . તેની નજર આગળ પડી તો જોયું કે એક છોકરી બેઠી હતી. અક્સે તેને ઈશારો કરીને તેને પોતાની સપ્લીમેન્ટરી દેખાડવાનું કહે છે. છોકરી સ્હેજ ખસીને અક્સને નકલ કરવામાં મદદ કરે છે અને તે છોકરી "વાણી". અક્સ ધીમા અવાજે કહે છે તમારા વાળના લીધે કઈ દેખાતું નથી એટલે વાણીએ તેના વાળ કાન પાછળ કરી દીધા અને બીજી બાજુ સરકાવી દીધા. વાળ સરખા કર્યા એટલે અક્સની નજર તેના ચેહરા પર ગઈ. જો કે

તેને વાણીનો અડધો ચેહરો જ જોવા મળ્યો. અક્સે તેના સુંદર અડધા દેખાતા ચેહરા પર મોહિત થઈ ગયો. તેના કાનના જુમકા, તેની આંખની પલકો અને તેના ગુલાબી ગાલને જોતો જ રહી ગયો. તેને જે વાણીમાંથી જોવા મળ્યું તેની નકલ કરી. વાણીનું પેપર પુરુ થયું એટલે તે જતી રહી એના પછી અક્સ પણ થોડુ લખીને જતો રહ્યો.

અક્સ કલાસની બહાર નીકળીને એ છોકરીને શોધતો હોય છે જેને પેપર લખાવામાં મદદ કરી હતી. તેને શોધવા માટે કૉલેજમાં આમ થી તેમ ફરતો હોય છે પણ તે જતી રહી હોય છે અક્સ કોલેજના ગેટ પાસે જોવે છે પાર્કિંગ માં જોવે છે કેન્ટીનમાં પણ જોવે છે પણ ક્યાંય દેખાતી નથી. તે બધે જોઈને પાછો ફર્યો એટલે નિલય તેની રાહ જોતો હતો.

નિલય: ઓય.. ઉભો રે.. જરા. કેમ આમથી આમ દોડે છે?

અક્સ: સાંભળ, પેલો ટોનિયો ક્યાં મળશે?

નિલય: કયો ટોનિયો પેલો હેકર?

અક્સ : હા એ જ.

નિલય: એ તો આપણી કોલેજની કેન્ટિનમાં બેઠો હશે.

અક્સ અને નિલય કૉલેજની કેંટીનમાં ટોનિયા પાસે જાય છે. ત્યાં ટોનિયો એક ટેબલ પર લેપટોપ લઈને બેઠો હોય છે . ત્યાં આવી બન્ને ટોનિયાને મળે છે.

ટોનિયો: આવો આવો મિત્રો , બોલો શુ લેશો ચા કે કોફી?

અક્સ અને નિલુ: ચા

ટોનિયો: ત્રણ કટીંગ આવા દેજો ભાઈ.

કેંટીનવાળો: એ લાયો.

ટોનિયો: બોલો શુ કામ પડ્યું મારું.

અક્સ: બઉ જ મસ્ત કામ લાયો છું. સાંભળ, હું હમણાં સરકારી પરિક્ષા આપીને આવ્યો છું અને મારી આગળ એક છોકરી બેઠી હતી બસ તેની ડિટેલ જોઈએ છે એને મને પેપર લખવામાં મદદ કરી છે તો મારે તેનો આભાર માનવાનો છે . બહુ જ મસ્ત લાગતી હતી.

ટોનિયો: મુદ્દો શુ છે?

અક્સ: મુદ્દો એ છે કે મારે તેની સાથે દોસ્તી કરવી છે તો તું મને એનું નામ નંબર સરનામું બધી જાણકારી આપ.

ટોનિયો(અક્સ ના હાથ પર હાથ મૂકીને): તને મારી ફી નઈ પોસાય ભૂરા.

અક્સ: તને કોણે કીધું અમે તને પૈસા આપવાના છીએ. અમે તો મફત જાણકારી લેવા આવ્યા છીએ બકા.

ટોનિયો: મફત તો આ ચા પણ નથી હો, એના પૈસા પણ તમારે આપવાના છે.

અક્સ:(મીઠું બોલતા) અરે ટોનિયા, તારા પપ્પાને ખબર છે કે તે એમની કંપનીમાં એક લાખનો ગોટાળો કર્યો હતો અને તે પૈસા તે પેલી પાયલ પાછળ વાપર્યા હતા.

ટોનિયો(ગભરાતા): અરે આકાશભાઈ, ચિંતા ના કરો હું તમને બધી જાણકારી આપી દઉં છું, અને ચા પણ મફત બસ. તમે મારા મોટા ભાઈ જેવા છો.

નિલય: ટોનિયા, મારે સેન્ડવીચ ખાવું છે.

ટોનિયો: અરે એ પણ આઈ જશે. પણ તમે બંને આ વાત કોઈને કેહતા નઈ હો.

અક્સ: નઈ કહીએ કોઈને. તું મને નામ કેને એનું.

ટોનિયો: એના માટે તારે મને તારો સીટ નંબર આપવો પડશે.

અક્સ: હા તો એમ બોલને ગાંડા.(તેની રીસિપ આપતા) લે આ રહ્યો.

ટોનિયાએ તેના લેપટોપ માંથી તે છોકરીનો સીટ નંબર જાણ્યો તેના પરથી તેનું નામ, નંબર અને સરનામું લઈ અક્સને આપ્યું.

અક્સ: વાહ, ભૂરા વાહ,માની ગયો હું તને. (નામ વાંચતા) વાણી સરવૈયા.

(અક્સ અને નિલુ ત્યાંથી બહાર નીકળે છે, ત્યાં તેમને જય મળે છે)

જય: ઓય... અક્સ કેવું ગયું પેપર.

અક્સ: એકદમ જોરદાર, મસ્ત, અહાહા..

જય: એટલું જોરદાર ગયું એમ.

નિલય: છોકરીની વાત કરે છે એ.

એમની પાછળ થોડેક દૂર બે છોકરીઓ વાતો કરતી હોય છે . તેમાંની એક છોકરી એવું બોલી; "તને ખબર છે આપણા કૉલેજની મિસ ફ્રેશર રિંકલે બોય કટ હેર કર્યા છે " આ સાંભળી અક્સ જય ને નિલુ એકબીજા સામે જોવે છે. અક્સે રિંકલને ફોન કરી ક્યાં છે તે જાણી તેની પાસે જાય છે. તે જગ્યા પર ત્રણેય પોંચ્યા એટલે રિંકુ(રિંકલ)ની બહેનપણીઓ તેને ઘેરીને પૂછી રહી હતી.

રિંકુ ની બહેનપણી આયુશી: અરે તે કેમ આવા ટૂંકા વાળ કરાવ્યા યાર, તારા લાંબા વાળ કેટલા સારા લાગતા હતા. આમાં તો તું છોકરા જેવી લાગે છે. કોઈ છોકરો તારી સામે પણ નઈ જોવે, પાગલ.

રિંકુ: ભલે.

(ત્યાં અક્સ નિલુ અને જય આવ્યા)

અક્સ: શું છે આ બધું રિંકુ? તને તો તારા લાંબા વાળ બહુ જ ગમતા હતા ને કેમ આવા કરાયા?

રિંકુ: મારી ઇચ્છા.

જય: તારી ઈચ્છા ની તો..

આયુશી: એય ગાળો નહિ.

જય: એય તને કીધું મેં?

નિલુ: એય ખબરદાર જો એને કંઇ કીધું છે તો.

આયુશી: એય એ મને કે છે તો તને શું થાય છે.

નિલુ: પગલી તું નઈ સમજેગી.

અક્સ: ચૂપ થઈ જાઓ , બંધ કરો તમારી લ વારી, રિંકુ તું બોલ ને યાર કેમ આવું કર્યું?

રિંકુ: મારા બોયફ્રેન્ડ ને ગમે છે એટલે.

જય: ચાલ હું જાઉં.

નિલુ: હું પણ હું આવું તારી જોડે.

(એમ કહીને બન્ને ત્યાંથી જતા રહે છે, આયુશી પણ જતી રહે છે)

અક્સ: તને સાચે આવા વાળ ગમે છે? તને એવું નથી લાગતું તેના ઈશારે નાચી રહી છે તું.

રિંકુ મોં ફેરવી હા પાડી એ વાતને છેડો આપી ત્યાંથી જતી રહે છે પણ અકસને ખબર પડી જાય છે કે તે તેની મરજીથી નહિ પણ તેના બોયફ્રેન્ડના કહેવા પર આવું કરે છે. તે પછી રાત્રે અક્સ વાણીને ફોન કરે છે.

(કૉલ માં)

અક્સ: હેલો , વાણી ?

વાણી: હા. તમે કોણ?

અક્સ: મારું નામ આકાશ છે અને મે તમને તમારો થેન્ક યુ કહેવા માટે ફોન કર્યો છે.

વાણી: સોરી. પણ કોણ આકાશ હું તમને નથી ઓળખતી અને તમે શેનો આભાર માનો છો.

આકાશ: આજે તમે મને પરીક્ષામાં લખવામાં મદદ કરી હતી. હું તમારી પાછળની સીટ પર બેઠો હતો. યાદ આવ્યું કંઇ?

વાણી : ઓહ.. હા પણ તમને મારો નંબર ક્યાંથી મળ્યો એ જણાવશો ?

અક્સ: શોધવા પર તો ભગવાન પણ મળી જાય નામ નંબર શુ ચીઝ છે ?

વાણી: હશે હશે. સારું રાખો નંબર. પણ મારે તમારી જોડે વાત નથી કરવી, ઓકે બાય.

અક્સ: અરે અરે હું તમને જોવા આવ્યો છું?

વાણી: શું?

અક્સ: મતલબ હું તમને થેંક્યું કહેવા આવ્યો છું જરા બાલ્કનીમાં આવશો?

(બાલ્કનીમાંથી બહાર જોવે છે ત્યાં નીચે અક્સ ઉભો હોય છેને હાથ હલા વે છે)

વાણી: ઓહો તમે અહીંયા પણ પહોંચી ગયા? પણ આટલી મહેનત શેની માટે.

અક્સ: બસ. તમારી સાથે દોસ્તી કરવા.

વાણી: વિચારીશ.

અક્સ: વિચારી લો તો મળી એ કાલે કોલેજમાં. મને તો આજે ખબર પડી કે આપણે એક જ કૉલેજના છીએ.

વાણી: હવે કાલનું કાલે ખબર પડે.

અક્સ: મારું દિલ કહે છે તમે જરૂરથી આવશો.

વાણી: સારું. ચલ ફોન મૂકું છું. બાય.

(પછી વાણી બાલ્કનીમાંથી ઘરની અંદર જતી રહી)

બીજા દિવસે સવારે અક્સ, નિલુ, જય અને રિંકુ એક ટેબલ પર બેઠા હોય છે ને વાણી ની રાહ જોતા હોય છે.

નિલુ કોલ્ડડ્રિંક પીતાં પીતાં સ્ટ્રોથી અવાજ કરે છે જય સામે જોવે છે . તે બીજી વાર અવાજ કરે છે જય સામે જોઈને બોલ્યો,'શશશશ.. ' ને નિલુ અવાજ કરતો બંધ થઈ જાય છે.

રિંકુ: આજે આવી જશે ને?

જય: શશશશ...

રિંકુ: તું મને શશશશ ના કઈ શકે.

જય: શશશશ...

રિંકુ: અક્સ આને સમજાઈ દે મને શશશ શ ના કરે.

જય: શશશશ..

રિંકુ: તારી તો...

અક્સ: એ આવી આવી બેસી જા.(રિકુંને)

વાણી એક છોકરા સાથે ત્યાં આવે છે અક્સ હાથ ઊંચો કરીને બોલાવે છે.

નિલુ: લો. વાણી સાથે ઘોઘરો પણ આયો છે.

વાણી: હેલ્લો

અક્સ: હેલ્લો

વાણી: આ મારો બોયફ્રેન્ડ છે દિનેશ

નિલુ: ઓહહ … તો તમને દિનયો , દીના કહીને બોલાવતા હશે નઈ.

દિનેશ: હા.

નિલુ: કેમ છો દિના?

જય: કેમ છો દિના?

(અક્સ ઉધરસ ખાય છે)

દિનેશ: મજા માં.

અક્સ: બેસો ને... શુ લેશો ચા કે કોફી?

દિનેશ: ના બસ કાઈ નઈ. આ તો વાણી એ કીધું કે એટલે તમને મળવા આવ્યો બાકી મારે થોડું કામ છે તો મારે મોડું થાય છે. (વાણીને) સોરી ડાર્લિંગ સાંજે મળું.

વાણી: ઓકે બેબી બાય.

રિંકુ: વાણી, મને એવું લાગે છે કે આપણે પ હેલા પણ મળ્યા છીએ પણ મને યાદ નથી આવતું ક્યાં મળ્યા હતા.

વાણી: તને યાદ આવે કે નઈ પણ મને યાદ છે. આપણે એડમિશન વખતે મળ્યા હતા.

રિંકુ: અરે હા હા... બરાબર. આપણે ઘણી વાતો કરી હતી એ વખતે. (અક્સને) અક્સ આ આપણા ગ્રુપમાં સો ટકા ચાલશે.

(એમ કરીને બધાય હાથ મલાવે છે)

અક્સ: તો હું શું સમજુ તમે દોસ્તી કબૂલ કરી કે નઈ.

(વાણી વિચારતી હોય છે, એટલામા ં અકસે ટેબલ નીચેથી રિંકુને પગ મારી ઈશારો કર્યો)

રિંકુ: (પગ પર વાગતા) આહ... હા.. એમાં શું પૂછવાનું કબૂલ જ હોયને આપણા જેવું ગ્રૂપ આખી કોલેજમાં નહી મળે અને કબુલની ક્યાં વાત કરે એ સાંજે આપણી સાથે ફરવા પણ આવશે.

વાણી: સૉરી , હું નઈ આવી શકું. મારે દિનેશ સાથે પહેલેથી જ પ્લાન બનાયેલો છે. પછી ક્યારેક આવીશ.

રિંકુ: (કટાક્ષમાં) સારું કઈ વાંધો નહી. તારે ના આવવું હોય તો કઈ નઈ. બાકી આવવાવાળા બહાના ના કાઢે.

વાણી: અરે એવું નથી યાર. ઘણા ં સમય પછી આવો પ્લાન બનાયો છે. હવે નઈ જાઉં તો મજા નઈ આવે. સારું હું જાઉં મારે થોડુ કામ છે. બાય.

અક્સ: બાય.

રિંકુ: ચાલો હું જાઉં ક્લાસમાં, તમને તો ભણવામાં રસ નથી.(ક્લાસ તરફ જાય છે)

નિલુ: ભણવામાં રસ નથી બહાર શેરડીનો રસ છે પીવો છે?

અક્સ: હમ્મ ચલ.

(કોલેજની બહાર અક્સ, નિ લુ અને જય શેરડીનો રસ પીવા નીકળે છે ત્યાં દિનેશ બીજી છોકરીને મળીને બાય ને આઈ લવ યુ કહ્યું અને આ ત્રણ એક દીવાલની પાછળ સંતાઈ એ દૃશ્ય જોવે છે જેવો દિનેશ પાછળ ફરે છે ત્યાં અક્સ અને નિલુ ઉભા હોય છે ત્યાં ભાગવાની કોશિશ કરે છે તો બીજી બાજુ

જય ઉભો હોય છે)

જય: કેમ છો દિના?

દિનેશ: જુઓ હું તમને બધું જ કહું છું.

અક્સ: બોલ.

દિનેશ: મને તેણે કહ્યું હતું આ નાટક કરવાનું કે આકાશ બીજી વાર તેને હેરાન ના કરે એટલે.

તે ત્રણેય દિનેશની વાત સાંભળી એક પ્લાન બનાવે છે. બીજા દિવસે કોલેજમાં જ્યારે વાણી આવે છે ત્યારે કેટલાક લોકો આવી ને એને ભાડે bf/gf ની માંગ કરે છે.

એક છોકરી: અરે વાણી મને એક છોકરો શોધી આપ ને જે હેન્ડસમ હોય hight 5'6" ઉપર હોય મસ્ત મોંઘુ બાઈક હોય ને મને રોજ ફરવા લાઇ જાય. વાણી આશ્ચર્ય પામતા કહ્યું, "આ શું બોલી રહી છે તું ?" તે છોકરીએ જવાબ આપતા કહ્યું, "અરે, કેમ તે તો રાખ્યો છેને bf, ભાડે!"

થોડી વાર પછી એક છોકરો મળે છે તે પણ ગર્લફ્રેન્ડ જોઈએ છે એમ અને વાણી એની સામે વાત કર્યા વગર જતી રહે છે અને વાણી સીધી અક્સ જોડે જાય છે . એના આગળ પાણી ભરેલો ગ્લાસ પડ્યો હોય છે તે લઈને સીધું અક્સના મોં પર ફેંકે છે.

વાણી(ગુસ્સામાં): તારા ભાડાના ટટ્ટુઓને કહી દેજે મારી જોડે ના આવે.

અક્સ: તે અમારી દોસ્તીનો ચોથો નિયમ તોડ્યો છે કે દોસ્તી માં ખોટું ન હિ બોલવાનું.

વાણી: મારી મરજી હું કઈ પણ કરું.

અક્સ: તારે અમારી સાથે રેહવું જ નથી તો ખોટું જ કેમ બોલી સીધી ના પાડી દેત કે નથી રેહવું.

વાણીને પોતાના બાળપણની યાદ આવે છે કે એની મમ્મી રડતાં રડતાં તેના પપ્પાને કહે છે કે તમા રે સાત વરસથી પરસ્ત્રી સાથે સબંધ છે તમને શરમના આવી. મારુ નહી તો કમ સે કમ વાણીનું તો વિચાર્યું હોત.(વાણી બીજા રૂમમાંથી સંતાઈને જોતી હોય છે) એને કહેવું લાગશે , તમારે અમારી સાથે નતુ રેહવું તો કહી દેવું હતું મને હું જતી રહેત. આ યાદ કરી વાણી અક્સને કહે છે;

વાણી: સોરી યાર. હવે ખોટું નઈ બોલુ બસ! (હાથ આગળ કરીને) મારી સાથે દોસ્તી કરીશ?

અક્સ: ના મારે ભાડાની દોસ્તી નથી જોઈતી.

વાણી: અરે સાચી વાળી દોસ્તી (અક્સ તેને જોવે છે) પાક્કી.

અક્સ(હાથ મિલાવતા): તારે અમારી સાથે ફરવા આવું પડશે.

વાણી: ઓકે .

સાંજ પડી એટલે અક્સ, વાણી, રિંકુ ં, જય અને નિલય બધા અમદાવાદની સાબરમતીના કિનારે ફરવા નીકળ્યા. જેમાં અક્સ અને વાણી સાથે બેસી વાતો કરતા હોય છે . જય અને નિલય આવતા જતા લોકોને હેરાન કરતા હોય છે અને રિંકુ વિડિયો રેકોર્ડ કરતી હોય જેમકે બે છોકરીઓ જતી હોય ત્યાં સામેથી નિલુ આવીને હાથ ફેલાવીને ગળે મળવા જાય છેને છોકરીઓ આશ્ચર્ય પામી બાજુમાં ખસી જાય એટલે છોકરીઓની પાછળ જય ને ગળે મળે છે, આવા વિડિયો બનાવી લોકોને હેરાન કરતા

હોય છે આ જોઈને અક્સ અને વાણી હસવા લાગે છે.

અક્સ: વાણી, મને એમ કહે કે તે સીધી ના કેમ નતી પાડી.

વાણી: જો હું ના પાડું એટલે તું મારી પાછળ ફ્લિર્ટિંગ ભરત. મને ગર્લફ્રેન્ડ બનાવવા બેઢંગી સ્ટાઈલમાં પ્રીપોઝ કરત, એના કરતાં મે ખોટો બોયફ્રેન્ડ બનાવી તારી સામે લાવી દીધો કે તું કઈ કરે જ નહિ પણ મારો પ્લાન ફેલ થઈ ગયો.

અક્સ: તો પણ તું અમારી જોડે છે અત્યારે અને પ્રપોઝ તો હજી દૂરની વાત છે.

વાણી: અચ્છા અક્સ, તે મને કહ્યું હતું કે મેં ચોથો નિયમ તોડ્યો છે તો પહેલા ત્રણ શું છે.

અક્સ: આ હજી બનાયા જ નહીં

વાણી(ગુસ્સે થઈને મારવા લાગે છે): સાલા જુઠ્ઠા.

વાણી રિસાઈને બેસી જાય છે

અક્સ: અરે સોરી યાર. ઠીક છે ચાલ પાણીપુરી ખવડાઈ દઈશ માની જા.

વાણી: ના.

અક્સ: તો? આઈસ્ક્રીમ? કોલ્ડ કોફી? પિઝ્ઝા?

વાણી: પિઝ્ઝા.

એટલામાં રિંકુ અને જય ત્યાં આવ્યા.

જય: મને તો જોરદાર ભૂખ લાગી છે ચાલો કઈ ખાવા જઈએ.

અક્સ: હા ચલો પિઝ્ઝા ખાવા (વાણી અક્સને પ્રેમથી જોવા લાગે છે કે તેણે કહ્યું એટલે પિઝ્ઝા ખાવા હા પાડી)

તે લોકો પછી પિઝ્ઝા ખાવા ગયા. ખાઈને જય ખુરશી પર પોહળો થઈને બેસી ગયો એ જોઈને નિલુ બોલ્યો.

નિલુ: મેં કાલે ડિસ્કવરી પર આવી જ રીતે હાથીને ખાતા જોયો તો.

જય: મેં પણ કાલે જોયું હતું કે એક હાથીએ લક્કડબધ્ધાને જોરદાર માર્યો સુંઢમાં પકડી પકડીને માર્યો.

રિંકુ: ચૂપ. તમને બંનેને લડ્યા સિવાય કંઈ આવડે છે?

વાણી: સાંભળોને કાલે શુ છે તમને ખબર છે?

રિંકુ: શુ છે?

નિલુ: ગુરુવાર?

જય: ચોથી તારીખ?

(વાણી અચંબો પામીને તેમની સામે જોવે છે.)

વાણી:(નિરાશ થઈને) અક્સ તને પણ નથી ખબર? તને તો બધી ખબર છેને મારા વિશે.

અક્સ: અમમમ… યાદ નહિ. શું છે તું જ બોલને?

વાણી: અરે કાલે મારો જન્મદિવસ છે યાર .

રિંકુ: અરે રે.. સોરી યાર કાલે તો મારે ભરૂચ જવાનું છે મારા મામાના ઘરે હું નઈ આવી શકુ.

નિલુ: હું પણ ન હિ આવું. કાલે મારે બહાર જવાનું છે.

જય: કાલે મારે પણ બહાર જવાનું છે.

વાણી: અક્સ તું તો આ વીશને ?

અક્સ: નક્કી નહીં.

વાણી ગુસ્સામાં: સારું હું પણ નહી મનાવું મારો જન્મદિવસ. ઘરે જ ર હીશ.(એમ કહીને ત્યાંથી જતી રહે છે)

વાણી ના ગયા પછી ચારેય હસવા લાગે છે. કેમ કે તેમને ખબર હોય છે પણ તેને સરપ્રાઈઝ આપવા તેમણે આવું કર્યું. રાત્રે 12 વાગ્યા એટલે અક્સ, રિંકુ, જય અને નિલુ વાણીના ઘરે ગાડી લઈને પોહચે છે. ગાડીમાંથી ઉતરતા..

અક્સ રિંકુને: કેક લઇ લેજે

રિંકુ જયને: કેક લઇ લેજે

જય નિલુને: કેક લઇ લેજે(એમ કહી ત્રણેય નીચે ઉતરી ગયા.

નિલુ: મારે ગાડી જ નતી લાવાની.

ચારેય વાણીના દરવાજા આગળ પોહચીને દરવાજો ખખડાવે છે. વાણી એ દરવાજો ખોલ્યો એટલે ચારેય એકસાથે: સરપ્રાઈઝ. આમ જોઈ વાણી ચોંકી જાય છે અને લાગણીવશ થઈ જાય છે.

રિંકુ વાણીને ગળે લાગે છે: હેપ્પી બર્થડે વાણી.

વાણી: થેંક યુ.

અક્સ: હેપ્પી બર્થડે વાણી

વાણી: થેન્ક યુ અક્સ.

જય અને નિલુ પણ: હેપ્પી બર્થડે વાણી

વાણી: થેન્ક યુ થેન્ક યુ

પછી ઘરમાં જઈ કેક કાપે છે વાણીના મોં પર કેક લગાવે છે વાણી ના મોં પરની કેક અક્સ આંગળીથી લઈને ખાય છે એટલે વાણી તેની સામે પ્રેમથી હસવા લાગી. મોબાઈલ વડે બહુ બધી તસવીરો લીધી. મસ્તી કરી. ગીતો વગાડી નાચ્યા ને આ બધું પત્યા પછી…

અક્સ: આ બધું તો ઠીક છે હવે પ ાર્ટીનું શું છે?

વાણી: અત્યારે ક્યાં જઈશું?

નિલુ અને જય: માણેકચોક

પછી બધા માણેકચોક પહોંચ્યા અને ખાવાપિવાનું ચાલુ કર્યું. ટેબલ પર ખાવાનું પડ્યું હોય છે ત્યાં...

રિંકુ: જલ્દી ખાવો યાર, મારે જવાનું છે ભરૂચ . સવારની ટ્રેન છે.

નિલુ: અરે ગાંડી કેમ ટેન્શન લે છે હું બેઠો છુ ને ભરૂચ મૂકી જઈશ

(બીજી બાજુ) વાણી અક્સને ઈશારો કરે છે કે એના મોઢા પર કઈ ચોટયું છે અક્સ કાઢવાની કોશિશ કરે છે પણ નથી નીકળતું પછી વાણી તે એના હાથથી કાઢ્યું . વાણી તેને સ્પર્શી એટલે બન્ને એકબીજાંની આંખોમાં આંખો નાખી જોવા લાગ્યા. તે બંનેને આમ જોઈ બીજા એમને જોવા લાગ્યા.

નિલુ ખુશ થઈ જયને: લાગે છે ભાઈ પ્રેમમાં પડી ગયો છે.

રિંકુ: અક્સ, જમી લીધું? મોઢું સાફ થઈ ગયું?

અક્સ: હા.

રિંકુ: તો ઉભો થાને ક્યારની કહું છુ મારે મોડું થાય છે ટ્રેન ચુકી જઈશ હું. ચાલ ફટાફટ ઉતાવળ રાખ. ગોકળગાય.

વાણી: ચાલો આપણે બધા આને સ્ટેશને મૂકતા આવીએ પછી ઘરે જઈએ.

અક્સ: સારું.

રિંકુ(શોકથી): હું અહીંયા ગળું ફાડી ફાડીને બોલી ત્યારે ઉભો ના થયો ને વાણી એ કીધું તો સારું. વાહ આક ાશ વાહ.

અક્સ:(વાતને નકારતા)ચાલો ચાલો મોડું થાય છે.

બધા ગાડીમાં બેસી રેલવે સ્ટેશને પહોંચીને રિંકુને ટ્રેનમાં બેસાડી બાય કહે છે.

નિલુ:બાય બાય પાછી ના આવતી (બીજા તેની સામે જોવે છે) ચાલો હું જાઉં ઘરે મને આવે છે જોરદાર ઊંઘ.

અક્સ:શું જાઉં છું. અમને ઘરે મૂકી જા પેહલા.

વાણી:ના ચાલશે અમે જતા રહીશું.

નિલુ: ગૂડ. છોકરી હોશિયાર છે.

અક્સ:સારું મારી બેગ આપી દે.

નિલુ:સારું.

(નિલુ અને જય ના ગયા પછી)

અક્સ: તો હવે?

વાણી: અમમ.. પહેલા મારા ઘરે જઈએ અને ત્યાંથી આપણે બહાર જઈશું.

(અક્સ વિચારવા લાગ્યો એટલે વાણી નાક ચઢાઈને પ્લીઝ કહે છે)

અક્સ: સારું ચાલો. તમે કહો એમ.

અક્સ અને વાણી તેના ઘરે પોહચે છે ત્યાં અક્સ તેના બેગમાંથી કપડાં કાઢી પહેરવા લાગ ્યો. વાણીને બીજા રૂમમાં તૈયાર થતી હતી એટલે બૂમ પાડી...

અક્સ: વાણી, આપણે આજે જવાનું છે

વાણી:આવી. (વાણી બહાર આવે છે મસ્ત અને સુંદર ડ્રેસ પહેરીને અને અક્સ તેને આંખો ફાડીને જોતો જ રહી જાય છે) કેવી લાગી રહી છું હું ?

અક્સ: ઓહો.. હવે ખબર પડી, આ સુંદર શબ્દ તારા પરથી પડ્યો લાગે છે. સાચું કહું તો અત્યારે હું દુનિયાની સૌથી સુંદર છોકરી જોઈ રહ્યો છું.

આ સાંભળી વાણી શરમાઈ ગઈ અને કહે,"તારીફ કરના કોઈ તુમસે શીખે. ચાલ હવે ". અક્સ ગીત ગાતાં.. "તારીફ કરુ ક્યાં ઉસકી જિસને તુમ્હે બનાયા…"

આકાશ અને વાણી બન્ને વાણીના વેહીકલ પર ફરવા નીકળ્યા, અમદાવાદની અલગ અલગ જગ્યાએ જઈને બેસે છે, વાતો કરે છે, એકબીજાની તસવીરો લે છે, મસ્તી કરે છે, આઈસ્ક્રીમ ખાય છે, વાતો કરતા કરતા અક્સ વાણીને પૂછે છે કે..

અક્સ:વાણી

વાણી:હા બોલ.

અક્સ:તારે કોઈ bf હતો?

વાણી:ના, તારે gf હતી? (અક્સ ઘડીક કઈ બોલતો નથી) અહમ અહમ(અવાજ કરી)

અક્સ: હા હતી, ને મારે એના થી દુર જવું પડ્યું.

વાણી:કેમ?

અક્સ: હું એને પ્રેમ કરતો હતો અમે બંને સાથે હતા અને થોડા સમયમાં ખબર પડી કે એ મારી અને મારા એક બીજા મિત્ર એમ બંને સાથે રમકડાંની જેમ રમી રહી છે, પ હેલા તો મને વિશ્વાસ જ ના આ વ્યો પણ પછી મેં મારા દોસ્ત ને પૂછ્યું તો ખબર પડી કે સાચું છે ને ત્યાર થી અમે બન્ને એને છોડી દીધી હવે બસ મારી પાસે એની એક યાદ જ છે ભલે તેણે મારી સાથે ખોટું કર્યું પણ હૂતો ખોટો ના હતો ને. (એમ કહીને આ હાથની લકી દેખાડે છે)એના ગયા પછી એવું લાગે છે કે મારી જીવનમાંથી ખુશી જતી રહી હોય છે અને આજે તે બધું યાદ કરું તો ગુસ્સો આવે છે.

વાણી: ખુશી જતી રહી છે કે ગમને લઈ ફરી રહ્યો છે?

અક્સ: ફરક શું છે ?

વાણી: જે ખુશી આપવાથી ખુશી મળે તે શોધવાથી નાં મળે, અને તું આ લકી લઈને ફરે છે એ તારો ગમ છે જે તું સાથે લઈને ફરે છે. ગમને છોડીશ તો ખુશી આવશે ને.

અક્સ: ખબર ના પડી?

વાણી: બંધ મુઠ્ઠીએ કંઇ ન પકડી શકાય, કઈ બીજું વસ્તુ પકડવા તારે મુઠ્ઠી ખોલવી પડશે. સમજ્યો?

કઈ ગતાગમ ન પડતાં અક્સ પોતાના માથામાં ખંજવાળવા લાગ્યો, વાણી કહે,"ચાલ, તને એક જગ્યા એ લઈ જાઉં."

અક્સ:ક્યાં?

વાણી: તું ચાલ તો ખરી.

વાણી અક્સને વિકલાં ગોની સ્કૂલમાં લઇ જાય છે . ચોકૉલેટની એક બેગ લઈને વાણી અક્સને અંદર લઇ જાય છે ત્યાં નાના વિકલાંગ બાળકો રમતા હોય છે

વાણી: આમની પાસે ઘણું બધું નથી તો પણ એ કેટલા ખુશ છે તું જો. તેમના ચેહરા પર સાચી મુસ્કાન છે, તમારી મુસ્કાન એક એવી વસ્તુ છે જે ક્યારેય ચોરી ના થઈ શકે. (ને પછી વાણી અક્સને ચોકોલેટની બેગ અક્સને આપે છે) ખુશી બાટને સે ખુશી મિલતી હે, ખુશી ઢૂંઢને સે નહિ.

અક્સ બધાને ચોકોલેટ વહેંચે છે ત્યાં એક છોકરો વ્હીલચેર પર હોય છે, અક્સ એને ચોકોલેટ આપે છે ત્યારે એ છોકરો ના પડે છે

તે છોકરો: નાં મને ડાયાબિટીસ છે

(અક્સ શોક થઈને જોવે છે પછી પાછળથી વાણી આવી ને તે છોકરાને ગાલ પર કિસ કરે છે)

વાણી: એક ચોકોલેટથી કઈ ના થાય, લે.

ચોકોલેટ આપે છે અને અક્સને ચાલ કહીને આગળ જાય છે વાણીના ગયા પછી અક્સ ઉભો થાય છે ત્યારે તે છોકરો અક્સનો શર્ટ ખેંચીને બોલાવે છે.

છોકરો: અંકલ હાજી એક ચોકોલેટ આપો ને.

અક્સ: તને ડાયાબિટીસ છે તારે વધારે ના ખવાય.

છોકરો: અરે અંકલ, ડાયાબિટીસ તો એક બહાના હે મુજે તો બસ વાણી દીદી કી કિસ ચાહિયે થી, હાયય.. (છોકરો તેના ગાલ પર હાથ લગાવીને હોઠ પર કિસ કરે છે અકસના હાથમાંથી ચોકલેટ લઈને જતો રહે છે)

વાણી ત્યાંથી બહાર આવી તેના વેહિકલ ચાલુ કરે છે ત્યાં અક્સ આવીને બોલે છે

અક્સ:તને ખબર છે પેલા છોકરાને ડાયાબિટીસ નથી

વાણી: હા (હેલ્મેટ પહેરીને)

અક્સને કઈ શીખવા મળ્યું એટલે એનું મન ખુશ હતું. વાણી પ્રત્યે તેને લગાવ થઈ ગયો. તેના દિલમાં પ્રેમની કુંપણો ફૂટવા લાગી. ખુશ થઈને ઘરે પહોંચે છે ત્યાં એના પપ્પા ઘરે દારૂ પીતા હોય છે અક્સ એની મમ્મી પાસે રસોડામાં જાય છેને પાછળથી ભેટી પડે છે, તેની મમ્મી ના મોં માંથી આહ નો અવાજ નીકળ્યો એટલે અક્સ ખસી ગયો,સાડી નો પાલવ હટાવી ને જોવે છે તો પીઠ પર પટ્ટા માર્યા હોય તેવા નિશાન હોય છે

રૂમમાંથી એના પપ્પાનો આવાજ આવે છે: કહું છું સાંભળે છે સિંગનો ડબ્બો લાવ (ભારી અવાજે

ગુસ્સામાં)

અક્સ સિંગનો ડબ્બો લઈને તેન પપ્પા પાસે જાય છે

તેના પપ્પા બોલ્યા, "સિંગનો ડબ્બો લાવતા આટલી બધી વાર લાય અહીંયા ફટાફટ "

(અક્સ આગળ આવીને એક હાથે ડબ્બો પકડી રાખે છે ડબ્બો ના આપ્યો એટલે એના પપ્પા ગુસ્સામાં ઉભા થઇ આકાશ પાસે આવ્યા ત્યાં આકાશ લાફો મારી દે છે.

(તેના પપ્પા ગુસ્સાથી જોવે છે તે ઓ ચોંકી ગયા આશ્ચર્યથી અક્સ સામે જોવા લાગ્યા)

અક્સ: મારી માં પર હાથ ઉઠાવતા પહેલા આ લાફો યાદ કરી લેજો.(સિંગનો ડબ્બો આપતા) આ લો તમારી સિંગ.

અક્સ ખુન્નસથી જોતો હોય છે, તેની મમ્મી રસોડાના દરવાજા પાસે ઉભી હોય છે અને અક્સ ત્યાંથી જતો રહે છે તે ના પછી અક્સ જ્યારે પણ પોતાના રૂમમાં હોય ત્યારથી ક્યારેય તેના મમ્મી પપ્પા ના લડાઈનો અવાજ આવતો નથી. તેના મમ્મી પપ્પા વાત જ ન હોતા કરતા.

બીજા દિવસે આકાશ વાણીને મળવા બોલાવે છે. તેઓ ફરીથી સાથે ફરવા નીકળ્યા અલગ અલગ જગ્યાએ નાસ્તો કર્યો ને પછી એક બગીચામાં આંટા મારતાં હોય છે ત્યાં આકાશે કહ્યું," વાણી, એક સવાલ પૂછું? વાણી કહે,"હું ના પાડીશ તો નઈ પૂછે? બોલને હવે એમાં પરવાનગી થોડી માગવાની હોય" આકાશે કહ્યું, જ્યારે મે તને કહ્યું હતું કે તારે મિત્રતા નતી રાખવી તો કહી દેવું હતું ત્યારે તું કોઈ વિચારમાં ખોવાઈ ગઈ હતી, મે એ વખતે ના પૂછ્યું કેમ કે બધા હતા એટલે આજે પૂછું છું શું થયું હતું કે તને તારી ભૂલ અચાનક સમજાઈ ગઈ અને તે અમારી સાથે મિત્રતા પણ કરી લીધી? વાણીએ કહ્યું," ઓહો.. તો તું લોકોના ચેહરા પણ વાંચી લે છે એમ!" અક્સે હસતા કહ્યું,"હા, આમાં તો માહિર થઈ ગયો છું" વાણીએ તેનો જવાબ આપતા કહ્યું," હું નાની હતી ત્યારે મારા મમ્મી પપ્પા અને હું ત્રણેય શાંતિથી રેહતાં. તેમના નાના કારખાનામાં કામકાજ પણ સારું ચાલતું હતું. હું સાત વરસની થઇ ત્યારે તેમના કામમાં મંદી આવી હતી એટલે તેમણે કારખાનું વેચી નાખ્યું અને તે બીજી જગ્યાએ નોકરી કરવા લાગ્યા, ત્યારથી તે ઘરે પણ બે કે ત્રણ દિવસે આવતા ખબર નહિ શું કામ કરતા. ક્યાં જતા કઈ જ ખબર ના હતી. એક દિવસ મારી મમ્મીએ તેમનો પીછો કર્યો. ત્યારે મમ્મીને ખબર પડી કે તેમને કોઈ બીજી સ્ત્રી સાથે સંબંધ છે. મમ્મીએ તે જાણવાં તેમને રડતા રડતા પૂછ્યું કે કેમ આવું કર્યું અમારી સાથે, મારી સાથે નતું રેહવુ તો કહી દેવું હતું. પણ તેમણે કઈ જવાબ આપ્યો નહિ અને જતા રહ્યા. ત્યારથી હું ને મારી મમ્મી સાથે રહીએ છીએ, અને મારી મમ્મીએ મારા માટે ઘણું કર્યું છે તેણે મને મોટી કરી છે, હંમેશા મને સાથ આપ્યો છે.સિલાઈ કામમાં મેહનત કરીને ઘરનું પૂરું પાડ્યું અને મને ભણાવી અને તારો સવાલ પણ આવો જ હતો કે દોસ્તી નતી રાખવી તો કહી દેવું હતું? જો કદાચ મે પહેલા જ ના પાડી દીધી હોત તો આપણે અત્યારે સાથે ના બેઠા હોત. અક્સ અને વાણી એકબીજાની સામે જોઈ જ રહ્યાં.

આકાશે પણ વાણીની જેમ પોતાના મનની વાત વાણીને કહી,"એક વાત કહું આપણા બેયની એક વસ્તુ એક જેવી છે, તને તારા પપ્પાનો પ્રેમ નથી મળ્યો અને મને પણ મારા પપ્પાનો પ્રેમ નથી મળ્યો. આશ્ચર્ય થઈને વાણીએ પૂછ્યું,"કેમ? મે તો સાંભળ્યું તારા પપ્પા તો સાથે રહે છે!" આકાશે કહ્યું," સાથે તો છે પણ સાથ નથી, મારા અને મારા પપ્પા વચ્ચે ક્યારેય સારો સબંધ બંધાયો જ નથી, તે દારૂ પીવે છે અને મારી મમ્મીને ઘણીવાર મારતા હોય છે, મમ્મીને ક્યારેય અમદાવાદની બહાર લઈ જ નથી ગયા. મારા પપ્પાએ મને ક્યારેય પ્રેમથી બોલાયો નથી, મને વઢતા હોય છે,ઘરમાં બસ મારે ને

મમ્મીને જ સારી વાત થાય છે,હું મારી મમ્મી માટે સારું જીવન બનાવા માંગુ છું, ક્યારેક તો એવું લાગે છે કે તે મારા પપ્પા જ નથી.

વાણી: હજી પણ એવું જ કરે છે?

અક્સ: કરતા હતા પણ હવે નહિ કરે, કાલે સહન ના થયું તો મે લાફો મારી દીધો મારા પપ્પાને.

વાણી: હમમ... મહાભારત જોયું હતું કે શું?

અક્સ: (હસતા)હા એવું જ કઈ.

અક્સ જોડે કઈ વાત ના હતી એટલે તેણે ઈયરફોન કાઢી એક પોતાના કાનમાં અને બીજો વાણીના કાનમાં લગાવી ગીતો ચાલુ કરી દીધા. થોડીવાર તેમને પ્રેમના ગીતો સાંભળ્યા. થોડો સમય વીત્યા પછી...

વાણી: સારું ચલ. કાલે મળીએ કાલે તો રિંકુ પણ આવી જશે.

ત્યારબાદ બંને છુટા પડી ઘરે જવા નીકળ્યા. અક્સ તેના રૂમમાં સૂતો હોય છે તેની પથારીની બાજુમાં ટેબલ પર તેનો ફોન પડ્યો હોય છે તેમાં રિંગ વાગે છે . અક્સ વિચારમાં પડ્યો કે આટલી મોડી રાતે કોનો ફોન કર્યો હશે?, તો રિંકલનો ફોન હોય છે.

ફોન માં...

અક્સ: હેલ્લો(રડવાનો અવાજ આવતા) હેલો રિંકુ, શું થયું, કેમ રડે છે , ક્યાં છે તું.

રિંકુ(રડતા રડતા): રે લ્વે સ્ટેશને.

અક્સ: તું ત્યાં જ રહેજે, હું આવું છું ક્યાંય જતી નહિ હું આવું છું.(અક્સ ઘરેથી નીકળીને રે લ્વે સ્ટેશન પહોંચે છે)

ટેન્શનમાં આવી અક્સ રેલ્વે સ્ટેશને તેને શોધતો હોય છે . રિંકુ ત્યાં એક બેન્ચ પર તેના સામાન સાથે બેઠી હોય છે અને તે રડતી હોય છે અક્સ તેની પાસે આવીને બેઠો એટલે રિંકુ એને જોઈને એના ખભા પર માથું રાખીને રડવા લાગી.

અક્સ: ચુપ થઈ જા, શું થયું એ તો કહે મને.

રિંકુ: મને વિકી(તેનો બોયફ્રેન્ડ) લેવા આવવાનો હતો. હું જ્યારે સ્ટે શને પહોંચી એટલે મે તેને ફોન કર્યો. તે ઘરે સૂતો હતો મને કહે કે હું અત્યારે સૂતો છું તું જાતે આવી જા. મે તેને મનાવાની કોશિશ કરી કે અડધી રાત છે રાતનાં સાડા ત્રણ વાગે છે હું એકલી અત્યારે ઘરે કેમની જાઉં! તો તે કહે કે બીજા કોઈને બોલાવી લે મને સુવા દે. મારી ઊંઘ ખરાબ ના કર એમ કહી ફોન કાપી નાખ્યો મે ફરી ત્રણ ચાર વાર લગાયો પણ તેણે ફોન ના ઉઠાવ્યો.

આટલું કહેતા તે રડી પડી અને આગળ બોલી," એના માટે મે શું નથી કર્યું, એને કીધું એ બધું કર્યું છે મેં મારી મરજીને ખીલાફ જઈને એને ગમતા એવા કપડાં પહેર્યા છે એની પસંદના હેર કટ કરાયા છે, એના લીધે કેટલીય દોસ્તી તોડી છે અને તે મને સ્ટેશને લેવા ના આવી શક્યો.(આકાશના ખભે માથું રાખી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી)

અક્સ: ચિંતા ના કર હું આવી ગયો છું. રડીશ નહિ.

રિંકુ: હવે પતી ગયું છે. હવે મારે તેની સાથે કોઈ સબંધ નથી રાખવો હવે તે મારા માટે કઈ નથી તે મારી જાય તો પણ મને ફરક નહિ પડે.

અક્સ: ઠીક છે. પતી ગયું. ચૂપ થઈ જા રડીશ નહિ. ચાલ ઘરે મૂકી જાઉં.

આકાશ રિંકુને ઘરે મૂકવા જાય તેની પહેલા તે ગાડી વિકીના ઘર તરફ વાળે છે. અક્સ ગુસ્સામાં વિકીના ઘરનો દરવાજો ખખડાવે છે. વિકી એ દરવાજો ખોલ્યો, આંખો મશળતા જોવે છે કે રિંકુ અને આકાશ ઉભા હોય છે.

વિકી: રિંકુ તું અહીંયા અત્યારે.

અક્સ: હા અહીંયા.. તે તને એ કહેવા માટે આવી છે કે તારે અને રિંકુને આજ પછી કઈ જ લાગે વળગતું નથી. આજ પછીથી તારી અને રિંકુ વચ્ચે કોઈ સબંધ નથી હવે એને ફોન કે મેસેજ કરતો નહિ . બસ આટલું કહેવા તારી ઊંઘ બગાડી છે જા સૂઈ જા.

વિકી: તું છે કોણ અમારી વચ્ચે બોલવા વાળો.

અક્સ: ભાઈ છુ એનો અને એ મારી બહેન છે. (પોતાની બહેન કહેતા રિંકલ આકાશની સામે જોઈને ભાવુક થઈ ગઈ.)

વિકી: દેખ, અમારી વચ્ચેની સમસ્યા અમે સુલજાવી લેશું . તારે વચ્ચે બોલવાની જરૂર નથી.

રિંકુ: આપણી વચ્ચે કોઈ સમસ્યા જ નથી. સમસ્યા હતી તે મે જાતે જ દૂર કરી લીધી છે. તારે ને મારે હવે કોઈ સબંધ નથી.(આકાશ ને કહેતા) ચાલ આકાશ.

રિંકુના ગયા પછી અક્સ વિકીને: સબંધ નિભાવવાની ઔકત ના હોય તો રખાય જ નઈ.

ત્યારપછી અક્સ અને રિંકલ ત્યાંથી ઘરે જવા નીકળે છે. અક્સ રિંકલને મૂકી પોતાના ઘરે જાય છે. તે સવારે જયારે આકાશ, વાણી, રિંકલ જય અને નિલય કેન્ટીનમાં બેઠા હોય છે, રિંકુ ચુપચાપ ખરાબ મિજાજમાં હતી ને તે ચાર તેના ચેહરા પર હસી લાવવાની કોશિશ કરતા હતા.

વાણી: રિંકુ, જે થવાનું હતું એ થઇ ગયું. ક્યાં સુધી આમ મોઢું લટકાવીને ફરીશ.

અક્સ: કઈ ખાવું છે તારે?

જય: શું લાવું બોલ સેન્ડવીચ, પિઝા કે તારી મનપસંદ પનીની?

રિંકુ ગુસ્સા માં આવીને બોલે છે, ' ચૂપ થઈ જાઓ નથી ખાવું મારે કશુ.

નિલુ: ચા લાવું,(બધા તેની સામે જોવે છે) હું તો ખાલી એમ જ પૂછું છું તમારે ના પીવી હોય તો કઈ નહિ.

(રિંકુ ઉભી થઈને ત્યાંથી બહાર જવા નીકળી ત્યાં તેની સામે વિકી આવી જાય છે)

વિકી: રિંકુ મારી વાત સાંભળ, રિંકુ.

રિંકુ તેનાથી દૂર જતા: મારે તારી સાથે કોઈ વાત નથી કરવી.

વિકી રિંકુનો હાથ પકડવા જાય છે ને જય એનો જ હાથ પકડી લે છે

જય: છોકરીની ના એટલે ના.

વિકી(ગુસ્સામાં): હાથ છોડ મારો.

જય: તો અહીંયા થી જતો રે.

વિકી ગુસ્સામાં આવીને જયને લાફો મારે છે જય હસીને એની સામે જોવે છે . જય અને વિકીની વચ્ચે જઘડો થાય છે. લોકોનું ટોળુ વળી ગયું. જયે તો પછી મુક્કાવાળી કરી અને વિકીને માર્યો. વિકી બીજી બાજુ પડીને વેઈટરના હાથ માંથી ડીશ લઈને જયને મારે છે જય હાથ વચ્ચે લાવ્યો એટલે ડીશ તૂટી ગઈ અને વિકી એ તેને લાત મારી. જયે તેને લાત મારી તો વિકી દૂર જઈને પડ્યો થોડીવાર તો તે ઉભો જ ના થઈ શક્યો એટલે જય ત્યાંથી ચાલતો થયો. વિકી ઉભો થઈને પાછળથી મારવા જાય છે ત્યાં જય તેનું ગળુ પકડી ઊંચો કરીને પછાડે છે પછી તો ઉપરાઉપરી તેના મોઢા પર મુક્કા મારે છે. આ જોઈને રિંકુ જયને શાંત પાડે છે.

રિંકુ: જય, છોડી દે એને, જય..

જય રિંકુની વાત સાંભળી મારવાનું બંધ કરે છે અને પછી બધું શાંત થાય છે.

થોડા દિવસો પછી રિંકુંના મોઢાની હસી પાછી લાવવા આકાશ, વાણી, જય અને નિલુ સાબરમતીએ ભેગા થાય છે અને રિંકુને ત્યાં બોલાવે છે. વાણી બેઠી હોય છે આકાશ તેના આગળ આંટા મારે છે અને નિલુ જય ના ફોટા પાડતો હોય છે.

અક્સ: તને શું લાગે છે રિંકુ ક્યાંય આવશે આપણી જોડે ફરવા.

વાણી: નહીં આવે તો એને જબરદસ્તી ક્યાંય પણ લઇ જઈશું પણ એના ચેહરા પર ફરી હસી લાવીશું. એની જ મનપસંદ જગ્યા એ જઈશું.

(એટલામાં રિંકુ ત્યાં આવી)

રિંકુ: બોલો કેમ અહીંયા બોલાવી મને.

અક્સ: આપણે બધાએ ક્યાંક ફરવા જવાનું છે. તે પણ તારી પસંદની જગ્યાએ.

રિંકુ: મારે ક્યાંય નથી જાઉં યાર.. તમે લોકો મને મારા હાલ પર કેમ નથી છોડી દેતા.

વાણી: રિંકુ, અમને ખબર છે , અત્યારે તને કઈ નઈ ગમતું હોય, પણ આ બધું થોડા સમય માટે જ એવું લાગશે પણ જ્યાં સુધી તું એમાંથી બહાર નીકળવાની કોશિશ નહિ કરે ત્યાં સુધી કઈ નહિ થાય અને તેના માટે તારે ક્યાંક જવાની જરૂર છે. જ્યાં તને ખુશી મળે જ્યાં તને સારું લાગે અને અમે તારી સાથે આવીશું.

અક્સ: તું કહે ત્યાં જઈએ બોલ, દીવ, આબુ, કે રતનપુર.

(વાણી આકાશના ગાલ પર હલકો લાફો માંરીને: ચુપ)

વાણી: તું બોલ ક્યાં જાઉં છે

રિંકલ થોડીવાર વિચારીને...

રિંકુ: મારા ગામ જઈએ? આમ પણ થોડા દિવસ પછી મારી બાળપણની બહેનપણીના લગ્ન છે અને

મારા મમ્મી પપ્પાને પણ મળી લઈશું.

વાણી: બહુ જ સરસ. લગ્નમાં પણ જઈ આવીશું અને એ બહાને અને તારું માંડવી પણ જોઈ લઈશું.

માંડવી જવાના એક દિવસ અગાઉ પાંચેય જણા ખરીદી કરવા નીકળે છે. તેના પછી રિંકુ, નિલુ અને જય તેમની રીતે ઘરે જતા રહે છે. અક્સ તેની બાઈક પર બેસાડી વાણીને સાબરમતી નદીના કિનારે લઈ ગયો અને તેની લકી નિકાળી ને ફેંકી દીધી, તે જોઈ વાણી તેની પીઠ થાપથાપાવે છે,

અક્સ: ખૂબ ખૂબ આભાર તારો.

વાણી: શેના માટે?

અક્સ: તારા કારણે મને એવું લાગે છે હું નવી જિંદગીની શરૂઆત કરી રહ્યો છું અને હવે સારું લાગે છે. તેની યાદ પણ નથી આવતી.

વાણી: મે પણ મારા પપ્પાની વાત તને કહી તો મારું પણ મન હળવું થઈ ગયું છે. તને પણ આભાર.

ઘરે જઈને અક્સ તેની બેગ ભરતો હોય છે એની મમ્મી મદદ કરે છે . તે જોઈને અક્સ તેની મમ્મીને ગળે લાગે છે, વાણી તેની મમ્મીને ફોન કરે છે કે તેના ખબરઅંતર પૂછે છે, તેની સ્વાસ્થ્ય પણ સારું છે તેવી વાતો કરે છે. રિંકુ ઉદાસ મોઢે બેગ ભરી, વીકીના અને તેના સાથેના ફોટા જોઈ કઠોર મન રાખી બધા ફોટા સળગાવી દે છે. માંડવી જવાની સાંજની બસનો સમય થતાં પાંચેય જણ બસ આગળ પહોંચે છે.

બસમાં બેસી બધા સુતા સુતા સવારે માંડવી પોહ ચી ગયા. રિંકુએ તેના પપ્પાને ફોન કરી દીધો હતો કે અમે આવીએ છીએ એટલે તે સ્ટેશને લેવા આવ્યા હતા. બસમાંથી ઉતરતા પહેલા આકાશે રિંકલને ઈશારાથી કહ્યું કે ચેહરો હસતો રાખે. તેના પપ્પાએ માથે સાફો અને કેડિયું પેહરેલું હતું, હાથમાં લાકડી લઈ ગામડાના ભાભાની જેમ તેમના મિત્રો સાથે રિંકુનું સ્વાગત કરવા ઉભા હતા. રિંકુએ હસતા ચેહરે તેના પપ્પાને ખુશ થઈને પગે લાગે છે અને ગળે મળે છે . ઘણા સમય પછી રિંકુના પપ્પાએ રિંકુને જોઈ એટલે તેમની આંખમાં જળજળીયા આવી ગયા.

રિંકલના મિત્રો તેના પપ્પાને નમસ્તે કહ્યું એટલે તેના પપ્પાએ તેમનું આદર સત્કારથી સ્વાગત કર્યું.

રીકુંના પપ્પા: બહુ દિવસો પછી આવી બેટા, મજામાં છેને?

રિંકુ: એકદમ મજામાં પપ્પા, તમને સારું છેને?

રીકુંના પપ્પા: તને જોઈ એટલે બધું સારું થઈ ગયું. ચાલ ઘરે તારી મમ્મી તારી રાહ જોવે છે. (તેના મિત્રોને) આવો તમે પણ.

સ્ટેશનથી ઘરે જવા બધા ચાલતા ચાલતા ગામના પાદરે થઈ ઘરે પહોંચે છે. ઘરે જઈને રિંકુ તેની મમ્મીને મળે છે

રીકુંની મમ્મી: આવ આવ દીકરી,(પગે લાગતાં) જીવતી રે. સો વરસની થા. ઘર યાદ નથી આવતું કે શું?

રિંકુ: યાદ આવી એટલે તો આવી. તને સારું છેને? કોઈ તકલીફ તો નથી ને?

રીકુંની મમ્મી: ના ના, બેટા. ભગવાનની દયાથી બધું સારું છે.

રિંકુ: સરસ.. મારો રૂમ તો બરાબર છેને, ખંડેર તો નથી કરી નાખ્યું ને.

રીકુંની મમ્મી: હા સાફ કરીને રાખ્યો છે જા જોઈ લે.

રિંકુ એના મિત્રો સાથે એના રૂમ માં જાય છે બધા રૂમ જોતા હોય છે, રિંકુએ કહ્યું, "તમારા બધાનો સમાન અહીંયા રાખી દો, હાથપગ ધોઈ લો, આરામ કરો, મોબાઇલ મચેડો ત્યાં સુધી હું તમારા બધા માટે ચા અને નાસ્તો લેતી આવું છું. રિંકુ તેના ગામડાના વેશમાં કપડાં પેહરી રસોડામાં તેની મમ્મી પાસે તેના મિત્રો માટે નાસ્તો લેવા જાય છે. ત્યાં એની બહેનપણી સરપ્રાઈઝ આપતા એને ગળે લાગે છે.

રિંકુની બહેનપણી અવની: કેમ છો, શહેરની છોરી. આ ગામની બહેનપણીને ભૂલી તો નથી ગઈ ને!

રિંકુ ખુશમખુશ થઈને: તને ભૂલીને મારે મરવું છે! અરે પાગલ, હું તો ખાસ તારા લગ્ન માટે અહી આવી છું અને તમને બધાને મળવા આવી છું. મારા મિત્રો પણ આવ્યા છે. તે ઉપરના રૂમમાં છે. આ નાસ્તો પકડ ને ચાલ ઉપર. ઉપરના રૂમમાં બધા પાસે પહોંચી તેમને ચા અને નાસ્તો આપ્યો. રિંકુ બોલી,"મિત્રો આ છે મારી નાનપણની બહેનપણી અવની, ને આના લગ્નમાં આપણે મહેમાન છીએ.

નિલુ: અચ્છા, અવનીબેન તમને ખબર છે આ અમને ક્યારની એમ કહેતી હતી કે એના લગન ની તૈયારી તો હું જ કરીશ. અમે કહ્યું હા કરવી જ પડે ને તારી નાનપણની બહેનપણી છે

રિંકુ: હા અને આ બધા મારી મદદ કરશે. ચિંતા ના કર.

(અક્સ અને જય નિલુ સામે ગુસ્સા માં જોવે છે)

અવની: અરે એની કોઈ જરૂર નથી, તમે ચાલો મારા ઘરે લગ્ન સુધી તમારે મારા ઘરે જ રહેવાનું છે. તમે અમારા મહેમાન છો.

(બધા અવનીના ઘરે પોહચે છે)

અવની તેની મમ્મીને: મમ્મી જો કોણ આવ્યું છે જો.

અવનીની મમ્મી: અરે આવો આવો રિંકુ આવો.

બહારથી અવનીનો ભાઈ સામાન લઈને આવ્યો અને રિંકુને જોઈ આશ્ચર્ય પામ્યો તેણે વિશ્વાસ નતો કે તે આવશે. રિંકુ અને અવનીનો ભાઈ સાગર બાળપણમાં સાથે ભણતા હતા. સાગરને રિંકલ બહુ ગમતી પણ રિંકલ ગામડેથી વિદાય લઈ આગળના ભણતર માટે અમદાવાદ શહેરમાં આવી હતી. રિંકલ વરસમાં એકવાર ગામડે આવતી ત્યારે સાગરને તે જોવા મળતી અને તેમાં જ તે ખુશ રહેતો. પરંતુ આ વખતે રિંકલ ઘણા સમયે આવી અને તે પણ તેના બહેનના લગ્નમાં એટલે તેને જોઈ તેના મનમાં રિંકુ પ્રત્યે પ્રેમ છલકતો હતો તે તેના ચેહરા પર સાફ દેખાતો હતો પરંતુ તે ફક્ત તેની બહેન અવની જ જાણતી હતી.

અવની: અરે ભાઈ , જલ્દી જોવો કોણ આવ્યું.

અવનીનો ભાઈ સાગર આવી રિંકલ સાથે હાથ મિલાવી તેના હાલચાલ પૂછ્યા. તે બેંની મુલાકાત આકાશ અને વાણી જોતા હોય છે. આજુબાજુ લગનની તૈયારીઓ ચાલતી હોય છે. મંડપ બાંધેલો હોય છે, કેટલીક ગામની છોકરીયું મહેંદી મુકાવતી હોય છે. રિંકલ સાગરને તેના મિત્રો સાથે પરિચય કરાવે છે.

સાગર: (પાંચેયને) તમે થોડીવાર હરોફરો. જમવાનું થાય એટલે હું તમને બોલાવું છું.

રિંકલ: સારું.

આકાશ રિંકલને: જમવાનું થાય એટલે ફોન કરી દેજે અમે થોડીવાર ગામમાં આંટો મારીને આવીએ.

રિંકલ: અરે રુકને હું પણ આવું છું.

વાણી: તારે તારા બહેનપણી સાથે રહેવું જોઈએ. તું અહીંયા જ રહે. અમે હમણાં આવીએ.

રિંકુ ત્યાં જ રોકાઈ છે અને ત્યાંથી આકાશ, વાણી, જય અને નિલય ગામમાં આંટા મારવા નીકળે છે. ચારેય વાતો કરતા કરતા ફરે છે.

આકાશ: તમને એવું નથી લાગતું કે આ સાગર કંઈક અલગ જ રીતે વાત કરતો હતો.

જય: હા. એવું લાગે છે કે તેને આપણી રિંકુ ગમે છે.

નિલય: તેને તો ગમતી હશે પણ વાત એમ છે કે રિંકુ ને તે ગમે છે કે નઈ.

વાણી: હશે તો પણ શું? તમને લાગે છે કે રિંકુ ફરી પ્રેમમાં પાડવા માગશે?

આકાશ: અરે તેમાં ખોટું શું છે, સાગર સારો છોકરો લાગે છે, રિંકુ તેને બાળપણથી ઓળખે છે, અને તેના ગામનો જ છે.

વાણી: જોઈએ હવે. વાતને પૂરી જાણ્યા વગર આપણે શું કરી શકીએ!

થોડીવાર ગામમાં આંટા માર્યા, નિલયે ગામના ફોટા પાડ્યા, વાતોના ગપાટા મારી અવનીના ઘરે પાછા ફર્યા. ઘરે આવ્યા એટલે જમવાનું થઈ ગયું હતું એટલે તેઓ જમવા બેઠા. રિંકલ પણ તેના મિત્રો સાથે જમવા બેસી ગઈ. સાગર બધા મહેમાનો સહિત તેમને જમવાનું પીરસતો હતો. પીરસવામાં તેણે રિંકલને વધારે જોર કર્યું. તે આકાશ અને વાણી પણ જોતા હતા.

સાગર રિંકલને જમવાનું પીરસતા: લે લે તું તો વધારે લે, શહેરમાં જઈને સુકાઈ ગઈ છે.

રિંકલ: બસ બસ પેટ ભરાઈ ગયું છે.

સાગર: સુ બસ બસ, જગ્યા કરી લે પેટમાં, હાલ્યું જશે બધુંય. (અક્સ એ બન્નેને જોતો હોય છે)

જમ્યા પછી સાગર ઘરની સજાવટમાં ધ્યાન આપતો હતો. સજાવટ વાળા પીળા કલરના ફૂલ લગાવતા હોય છે. સાગર તેમને કહેતો હોય છે કે તેને આ બાજુ લગાવો ને તે બાજુ લગાવો.

સાગર: હા ત્યાં લગાવો, ત્યાં ઓછા છે ત્યાં વધારે લગાવો. પેલી બાજુ પણ લગાવજો કાકા.(રિંકલ ત્યાં આવીને)

રિંકલ: અરે આ શું પીળા ફૂલ લગાવે છે, ભજન માટે મંડપ બાંધે છે કે શું? લાલ, ગુલાબી અને સફેદ ત્રણેય રંગના ફૂલ મંગાવ.

સાગર પછી બીજા ફૂલો લાવવાનું કહે છે. અક્સ દૂરથી આ બધું જોતો હોય છે, તેની સાથે વાણી પણ ત્યાં હોય છે.

અક્સ: વાણી,હું શું કહું છું, આપણે અવનીને વાત કરી જોઈએ તેને કંઈક તો ખબર જ હશે.

વાણી: હા એ બરાબર છે. ચાલ તેની પાસે જઈએ.

અવની તેની બહેનપણીઓ જોડે મહેંદી લગાવતી હોય છે ત્યાં વાણી અને અક્સ આવ્યા. વાણીએ અવનીને ઈશારાથી બોલાવી. અવની તેમની પાસે આવી

અવની: હા બોલોને.. શું થયું?

અક્સ: થોડી ખાસ વાત કરવી છે. (વાણી તરફ જોયું એટલે વાણી બોલી)

વાણી:આ સાગર અને રિંકલ વચ્ચે કઈ છે?

અવની: તે બે વચ્ચે તો કઈ નથી પણ મારા ભાઈ તરફથી છે.

અક્સ: એટલે તમારા ભાઈને રિંકલ ગમે છે એમ?

અવની: હા, મારો ભાઈ અને રિંકલ સાથે ભણતા હતા, તેને રિંકલ ગમતી હતી, પણ રિંકલ આઠમા ધોરણમાં આવી એટલે એ અમદાવાદ જતી રહી અને મારો ભાઈ એકલો પડી ગયો . એ અહીંયા હોવા છતાં પણ અહીંયા નથી હોતો અને આજે જ્યારે વર્ષો પછી રિંકલ આવી છે એટલે તે ફૂલો નથી સમાતો. ઘણા સમય પછી મેં મારા ભાઈના ચેહરા પર આટલી ખુશી જોઈ છે તેને ગમે તો છે પણ કહેવાથી ડરે છે જ્યારથી ઈન્ટરનેટ પર રિંકલના ફોટા કોઈ બીજા છોકરા સાથે જોયા છે ત્યારથી તો કહેવાનું ટાળી દીધું. બસ જ્યારે એકલો પડે એટલે બધી વાતો મને કહેતો.

અક્સ: હમમ... અને રિંકલ બીજે પરણી જશે તો?

અવની: ચિંતા ના કરો. મારો ભાઈ એટલો કમજોર નથી તેણે થોડા સમય તકલીફ થશે પણ તે પોતાને સારી રીતે સંભાળી શકે છે. તમને એક વસ્તુ બતાવું ચાલો મારી સાથે.

અવની અક્સ અને વાણીને સાગરના રૂમમાં લઈ જાય છે અને એક ટેબલમાંથી આકાશને વસ્તુઓ કાઢવાનું કહે છે કેમ કે તેના હાથમાં મહેંદી છે એટલે આકાશને કહે છે. આકાશે ટેબલમાંથી પેઈન્ટિંગ બુક કાઢી જેમાં બધા પેઈન્ટિંગ રિંકલના હોય છે. તે સાગરે દોરેલા હોય છે. રંગો દ્વારા ચિત્રિ રિંકલને પોતાની પાસે મેહસૂસ કરવા.

અવની: રિંકલે ઈન્ટરનેટ પર મૂકેલા બધા જ ફોટાનું પેઈન્ટિંગ મારા ભાઈએ કર્યું છે. જોવો.

વાણી(પેઈન્ટિંગ જોઈને): અરે બાપ રે.... તમારો ભાઈ તો અદભૂત કલાકાર છે. જો તો ખરી આકાશ.

અક્સ: હા... જોરદાર પેઈન્ટર છે તમારો ભાઈ.

અવની: હું જાઉં છું. મારે કામ છે. (તે ત્યાંથી જતી રહે છે)

વાણી: આટલી મોટી વાતથી રિંકલ અજાણ છે. તેને ખબર તો પાડવી જ જોઈએ કે તેને કોઈ બહુ પ્રેમ કરે છે.

અક્સ: ચિંતા ના કર. હું તેનો ભાઈ છું. હું રસ્તો કરું છું બંનેના મેળાપનો.

માંડવાની રાત્રીએ જ્યારે બધા લગનગાણાં ગાતા હોય છે તેનાથી થોડેક દૂર જય અને નિલુ બધી છોકરીઓને જોતા હોય છે.

નિલય: કોઈ ગમી તને?

જય: પેલી પીળા ચણિયાચોળી વાળી સારી લાગે છે, તને?

નિલુ: એની પાછળ જો ચસ્માવાળી છેને એ મને ગમી.

જય: તારી પસંદમાં કઈ દમ જ નથી . યાર. કઈ સારું જોને સારું. મને પણ એવું લાગવું જોઈએ કે હા મારા ભાઈની પસંદ ઊંચી છે.

નિલય: મારી પસંદને મુક ને આકાશને કે આપણે બહાર જઈએ. આ લગ્નગીતો સાંભળીને તો મારા કાન દુખી ગયા.

જય (આકાશને બોલાવતા): ઓ ભાઈ ચાલને ક્યાંક બહાર જઈએ.

અક્સ: ક્યાં જઈશું? આપણે અહીંયા કઈ જોયું નથી તો પછી.

નિલુ: સાગરને લઇ જઈએને સાથે.

અક્સ: હા એમ કરી શકાય.(વાણીને કહેતા) અમે બહાર જઈને આવીએ છીએ તું રિંકલ સાથે રહેજે.

વાણી: અરે પણ ક્યાં જાઓ છો હમણાં ગરબા શરૂ થશે.

નિલુ: ગરબા પ હેલા આવી જશું ગાંડી, ગરબા માટે તો જાન છે પણ તને ક્યાં ભાન છે.

આકાશ સાગરને બોલાવી કહે કે,"ચાલોને આપણે બહાર જઈને આવીએ, ગરબા પેહલા આવી જશું"

સાગર: સારું. ક્યાં લઇ જાઉં બોલો.

આકાશ: અમે તમારા મેહમાન છીએ તમે જ્યાં લઈ જાઓ ત્યાં.

સાગર: અમ્મમ.. તો ચાલો તમને કચ્છની અસલી કચ્છી દાબેલી ખવરાઉ.

જય: વાહ, ચાલો ચાલો. ફટાફટ જઈને આવીએ પછી ગરબા પણ રમવાના છે.

સાગરના ઘરથી થોડેક દૂર તે લોકોને નાસ્તો કરવા લઈ જાય છે. જમતાં જમતાં વાતો કરતા હોય છે ત્યાં આકાશને યાદ આવ્યું કે તેને રિંકલની વાત કરવાની છે.

અક્સ સાગરને: સાગરભાઈ, તમે શું કરો છો? તમારું જીવન કેવું છે?

સાગર: કંપની છે આપણી ગ્રીનલેન્ડ ગ્રીનહાઉસ. અમે ગ્રીનહાઉસ બનાવીએ છીએ આવનારા સમયને ધ્યાનમાં રાખી મે આની શરૂઆત કરી છે.

અક્સ: ઓહો… તમારો આઈડિયા અલગ છે હો. સારો છે. લગ્ન વિશે તમારો શું વિચાર છે.

સાગર: જોઈએ કોઈ સારી મળી જાય એવી રાહ છે.

અક્સ: કેમ તમને કોઈ ગમતી નથી?

સાગર: એમાં એવું છેને કે મને જે ગમે છે તેને કોઈ બીજું ગમે છે એટલે હું તેમની વચ્ચે પડવા નથી માંગતો.

અક્સ: તમને કેમની ખબર કે એને કોઈ ગમે જ છે એમની વચ્ચે કઈ ના હોય તો?

સાગર: પણ…

અક્સ: તમને એ જ ગમે છેને જેના તમે ચિત્રો દોરો છો. જોયા મે તમારા 84 પેઈન્ટિંગ.

સાગર: તમને… અવનીએ કહ્યું?

અક્સ: હા. ચિંતા ના કરો યાર, રિંકલને કોઈ નથી ગમતું અને જે હતું તે છોડી દીધું છે. હાલ તેની જિંદગીમાં કોઈ નથી અને તેને જરૂર છે સારા સાથીની જે તેને કહી શકે હા હું હંમેશા તારી સાથે છું. મને ખબર છે તમે રિંકલને પ્રેમ કરો છો પણ કહેતા ડરો છો. તમે એકવાર રિંકલને તમારા દિલની વાત તો કહો.

સાગર: મને તેની ના નો ડર છે.

અક્સ: કહેશો તો ખબર પડશે કે તે શું ઈચ્છે છે પણ નહિ કહો તો જિંદગીભર અફસોસ કરતા રહી જશો અને તમને કેમની ખબર કે તે ના જ પાડશે. જુઓ રિંકલ મારી મુ બોલી બહેન છે અને હું તેનું ખરાબ નથી ઈચ્છતો અને મને લાગે છે કે તમે તેને સારી રીતે રાખી શકશો. તેને હંમેશા ખુશ રાખશો.

સાગર: તમને એક દિવસમાં જ હું કેમનો સારો લાગી ગયો. તમે મને પારખી લીધો?

અક્સ: હું માણસને ઓળખવામાં અને માણસની મનની વાત જાણવામાં ખાટુ માણસ છું અને બીજી વાત મારી કોઈ બહેન નથી તેના સિવાય અને તેના માટે હું કઈ પણ કરી શકું તેને કઈ તકલીફ પડી તો હું કઈ પણ કરીને તેની તકલીફ દૂર કરીશ એ પછી તકલીફ તમે પોતે જ કેમ ના હોવ.

સાગર: હું પણ તેનું ખરાબ ઈચ્છતો, પણ કદાચ હું મારા દિલની વાત તેને કહું અને નહિ ગમે તો જે સબંધ છે તે પણ ખરાબ થઈ જશે.

અક્સ: હા મને ખબર છે. જુઓ સાંજના લગ્ન છે. કાલે લગ્ન પહેલા આપણે એકવાર બહાર જઈશું તે પણ સવારે.

નિલય: માંડવીના દરિયા કિનારે જઈએ તો?

અક્સ: હા… બસ પાક્કું સવારે ત્યાં જઈશું અને તમે તેને તમારી દિલની વાત કરજો.

સાગર: સારું.

જય: વાહ ખાવાની મજા આવી ગઈ.

નિલુ: હા બિલકુલ, મોજ પડી ગઈ હો ભૂરા. ખાલી દાબેલી ખાવા નીકળ્યા હતા આપણે તો બહુ બધું ખાઈ લીધું.

જય: નિલુ, ઠંડા પીણાની બોટલ લઈ લે બધા માટે.

સાગર: અરે હું લેતો આવું છુ .

નિલુ: અરે તમે બેસો હું લાવું છુ.

નિલુ ઠંડા પીણા લઈને આવે છે ત્યાં એક જીપ માંથી કેટલાક માણસ ઉતરે છે જે ત્યાંના ગુંડા ઓ

હોય છે. ને એમાંના એક સાથે નિલુ અથડાય છે એટલે નિલુના હાથમાંથી પીણાની બાટલીઓ છટકી ફૂટી જાય છે.

નિલુ (ગુસ્સે થઈને): એ આંધળા દેખાતું નથી તને.

જી પવાળાને આંધળો કહ્યું એટલે તેણે નિલયને લાફો મારી દીધો. લાફા નો અવાજ સાંભળતા જય અક્સ અને સાગર તે તરફ જોવે છે. ત્રણેય દોડતા ત્યાં જાય છે .

જય નિલુ પાસે આવીને: શું થયું નિલ્યા કેમ માર્યો તને.

નિલુ: સાલો આંધળો સામેથી અથડાય છે. આપણી બોટલો ફૂટી ગઈ.

જય ગુસ્સામાં જીપવાળા તરફ જાઈને જેણે લાફો માર્યો તેને પાછો લાફો મારે છે. જીપવાળો જયને મારવા જાય છે એટલે જય હાથ પકડી લે છે ને તેમની વચ્ચે લડાઈ થાય છે, જીપવાળાના બીજા સાથીઓ પણ જયને મારવા આવે છે. તેમણે જીપમાંથી હૉકી અને સ્ટંપ જેવી વસ્તુઓ મારવા કાઢી તો પણ જય બધાને મારે છે, ને બીજી બાજુ સાગર પોલીસને ફોન કરીને બોલાઈ લે છે, પોલીસ આવે છે ને તેમનો જઘડો રોકે છે)

પોલીસે હવાલદારને કહ્યું કે,"એક કામ કર . આ હૉકી જેની છે તે લોકોની ગાડી તપાસ અને જો હજી બીજું શું નીકળે છે." હવલદાર જીપને તપાસે છે તો એમાં ચરસ ગાંજો નીકળે છે એટલે તેણે ઉપરી અધિકારીને કહ્યું કે, "સાહેબ, આમાં તો ચરસ ગાંજો છે."

પોલીસ: એમ, આ બધા જીપવાળાને પકડી લો, હવે તો આપણું પ્રમોશન પાક્કું.

જીપમેન: તુમ જાનતે નહી હો તુમને કિસ કા માલ પકડવાયા હે .

નિલુ: કિસ કા માલ હે બોલ, યહા આંકે બોલ હિંમત હે તો. (જય એની તરફ જોવે છે) શું જોવે છે, તું ના હોત તો એક મિનિટમાં એમની પત્તર ફાડી નાખત.

અક્સ: હા , અમને ખબર છે.

નિલુ: ખબર છેને બસ તો પછી.

અક્સ: સારું ચાલો હવે.

નિલુ: ચાલ.

તે બધા ઘર પહોંચ્યા એટલે ગરબા નો સમય થઈ ગયો હતો. અક્સ અને વાણી જોડે અને સાગર અને રિંકુ જોડે ગરબા રમતા હોય છે. આકાશ અને વાણીની પણ નિકટતા વધતી જાય છે વાણીને પણ આકાશથી પ્રેમ થતો જાય છે. આકાશને પણ વાણીથી પ્રેમ છે પણ તે કોઈ કારણસર કહી શકતો નથી. નિલુ અને જય પણ તેમની સાથે ગરબા રમે છે. રિંકુ અવનીને પણ ખેંચી લાવી ગરબા રમવા. બધાય લાંબા સમય સુધી ગરબા રમ્યા.

બીજા દિવસે સવારે બધા લગનની તૈયારીઓમાં વ્યસ્ત હતા એવામાં દુલ્હનનો ભાઈ ના હોય તો સારું ના લાગે પણ સાગરે ઘણું કામ પતાવી તેના કામના બહાને નીકળી ગયો. બીજી બાજુ આકાશ તેના મિત્રો સાથે રિંકુ અને વાણીને લઈ માંડવીના દરિયા કિનારે પહોંચે છે. અક્સ, વાણી, જય, નિલુ, રિંકુ, અને સાગર ચાલતા ચાલતા વાતો કરતા હોય છે રિંકલ અને સાગર વાતોએ વળગ્યા એટલે અક્સ

અને બીજાએ તેમની ચાલ ધીમી કરી તેમની પાછળ થોડે દૂર ચાલતા હતા.

સાગર રિંકલને રોકીને: રિંકુ, તને એક વાત કહેવા માંગુ છું.

રિંકલ: હા બોલ ને…

સાગર: રિંકુ, હું…. હું તને લવ કરું છું એ પણ આજ થી નહિ. આપણે શાળામાં મિત્ર બન્યા ત્યારથી તું મને ગમે છે પણ તારી ના નો ડર હતો મને એટલે હું કહી ના શક્યો અને અત્યારે પણ તારો જવાબ નથી સાંભળવો મે બસ મારું મન હળવું કર્યું છે જે વર્ષો પછી આજે બહાર આવ્યું છે. મને ખબર છે હમણાંથી તું બહુ ઉદાસ છે અને એ ઉદાસીનું કારણ પણ ખબર છે એટલે જ કહું છું મારે તારો જવાબ અત્યારે નથી સાંભળવો. હું તને પ્રેમ કરું છું અને કરતો રહીશ. બસ આટલું જ કહેવું હતું.

રિંકલ: આ બધું કોની જોડે લખવડાયું?

સાગર અક્સની સામે જોવે છે. અક્સ તેમનાથી નજર ફેરવી બીજે જોવા લાગે છે. એ પછી તે લોકો ઘરે આવી લગનની રસમોમાં વ્યસ્ત થઈ જાય છે. સાંજે અવનીના લગ્ન પૂરા થાય છે વિદાયમાં અવની સાગરને ગળે લાગી રડવા લાગી અને પછી રિંકુને ગળે મળી. સાગરની નજર રિંકુ પર પડે છે બન્ને રડતા હોય છે ને સાગર નજર ફેરવીને જતો રહે છે. બન્ને માટે વિદાય સમારોહ ખૂબ જ કરુણ રીતે પસાર થાય છે. સાગરની એકની એક બહેને આજે વિદાયે લીધી. અવનીના પપ્પા પણ પુત્રીના વિયોગમાં રડતા હોય છે તેમને ચૂપ કરાવા સાગર તેના પપ્પાને ભેટી પડે છે. તે દ્રશ્ય જોઈ રિંકલ પણ મનોમન રડવા લાગી અને વિચાર કરે છે કે એક પિતા પોતાની પુત્રીથી અલગ થાય તેનાથી મોટું કોઈ દુઃખ નથી. તે જ ક્ષણે તે તેની અને વીકીની યાદો ભૂલવા લાગી. તેના મનમાં તેના તે તરછોડાયેલા પ્રેમ કરતા પિતાનો પ્રેમ વ્હાલો લાગવા લાગ્યો અને એવું લાગ્યું કે આજે તે મોટી થઈ ગઈ છે.

લગ્ન ના બીજા દિવસે રિંકલ અને તેના મિત્રો તેના ઘરે હતા અમદાવાદ પાછા જવાની તૈયારીઓ કરતા હતા. રિંકુ અને વાણી અમદાવાદ જવા માટે બેગ ભરતાં હોય છે રિંકુ વિચારમાં પડી હોય છે.

વાણી: રિંકુ, પેલા મારા કપડા આપ તો.. (રિંકુ વિચા રોમાં ખોવાયેલી હોય છે) રિંકુ… (એની પાસે જઈને) ક્યાં ખોવાયેલી છે?

રિંકલ: કઈ નહિ.

વાણી: સાગર વિશે વિચારે છે? (રિંકુ કઈ નથી બોલતી) મારા ખ્યાલથી તેને એક મોકો મળવો જોઈએ. તે સૌમ્ય અને સંસ્કારી છે. સભ્ય અને સંભાળ રાખે એવો માણસ છે, તેના પરિવારનું પણ ધ્યાન રાખે છે. સાગર જેવો છોકરો તો ભાગ્યે જ મળે. બધા છોકરાઓ એક જેવા નથી હોતા . આ આકાશને જોઈ લે.

રિંકલ: ઓહો… તું બહુ આકાશને સારી રીતે ઓળખે છે એમ!

વાણી: ચલ ચલ હવે મોડું થાય છે.

રિંકલના પપ્પાના કહેવા પર સાગર તે બધાને રેલવે સ્ટેશન મુકવા જાય છે . રિંકુને પણ દિલ પર પથ્થર રાખી વિદા કરે છે. ટ્રેનનું ભોંપુ વાગ્યું એટલે બધા ટ્રેનમાં ચડી જાય છે. રિંકુ ટ્રેનમાં ચડી એટલે સાગરને થયું કે એકવાર પાછું વળીને જુએ તો હું તેને જોઈ લઉં પણ રિંકુ પાછું વળી ને નથી જોતી અને સાગર

મોઢું લટકાવીને ઘરે જતો હોય છે ત્યાં પાછળથી રિંકુ એના ખભા પર હાથ મૂકીને રોકે છે એટલે સાગર પાછો ફરે છે અને રિંકુ ગળે લાગે છે.

રિંકુ: મારી છેલ્લા વર્ષની પરીક્ષા પતશે એટલે હું પાછી આવીશ તારી સાથે રહેવા.

ટ્રેન ચાલવા લાગે છે રિંકુ એને ગાલ પર કીસ કરીને જતી રહે છે અને ટ્રેનના દરવાજે ચડીને બાય કહે છે.

સાગર જતા જતા ખુશી ના આશુએ બોલ્યો, "આટલું કહ્યું એટલુ ઘણું છે"

ટ્રેનની મુસાફરી કરી બધા અમદાવાદ પાછા ફર્યા અને પોતપોતાના ઘરે જવા નીકળ્યા. અક્સ ઘરે પહોંચ્યો એટલે તેણે જોયું કે એના પપ્પા એમના મિત્રો સાથે દારૂ પીતા હોય છે ને એની મમ્મી એક ખૂણામાં બેસીને રડતી હોય છે અને જુએ છે કે તેના મમ્મીનાં પીઠ પર પટ્ટાના નિશાન હોય છે. અક્સ એની મમ્મીને મૂકી એના પપ્પા અને તેમના મિત્રો સામે આવે છે તે બધાને જોઇને ગુસ્સે થઈ ગયો અને બધાને મારવા લાગ્યો. ઘરમાં મારપીટ થાય છે વસ્તુઓની તોડફોડ થવા લાગી. જઘડો આક્રમક થતો ગયો. અક્સને પણ વાગે છે પણ તે બધાને મારતો જ રહે છે અને છેલ્લે બધા ઘાયલ થઈને નીચે પડ્યા હોય છે. ઘાયલ થયેલા તેના પપ્પા તેને ના બોલવાનું બોલી જાય છે.

અક્સનાં પપ્પા: એ.... તું પણ તારા બાપની જેમ મારી ગયો હોત તો સારું હતું.

આ સાંભળી અક્સ આશ્ચર્ય પામ્યો અને તેના તે પપ્પાનો કોલર પકડી પૂછે છે, "શું કહ્યું, મારા પપ્પા મારી ગયા છે? તો તમે કોણ છો?(ગુસ્સામાં) કોણ છે તું? બોલ. (બે ત્રણ મુક્કા માર્યા એટલે તેના તે પપ્પા બોલ્યા.

પપ્પા:(ઘાયલ અવસ્થામાં) કહું છું,

અક્સ: બોલ જલ્દી.

તેના તે પપ્પા: વીસ વરસ પહેલા હિંમતનગરમાં તારા મમ્મી પપ્પા ગાડીમાં ક્યાંક જતા હતા. તારા પપ્પા ગાડી ચલાવતા હતા તારી મમ્મી ના પેટમાં તું હતો. રાતનાં સમયે હું દારૂ પીને ગાડી ચલાવતો હતો અને તમારી અને મારી ગાડીનું એક્સિડન્ટ થઈ ગયું. જેમાં તારા પપ્પા મરી ગયા અને હું ટેન્શનમાં આવી ગયો. તારી મમ્મી જીવતી હતી તેને હું હોસ્પિટલ લઈ ગયો. તારા મમ્મીને માથામાં વાગ્યું હતું તેના લીધે તેની યાદદાસ્ત જતી રહી તેણે કશું યાદ જ ન હતું કે તે કોણ છે ક્યાં રહે છે. બધું જ ભૂલી ગઈ અને મે તેનો ફાયદો ઉઠાવી મારા ઘરે લાવ્યો ને બે મહિના પછી તું જન્મ્યો. મે તમને રાખ્યા છે. મારું અહેસાન છે તમારી પર અને તું મને મારે છે!

આ વાક્યો તેની મમ્મીએ પણ દૂર ઉભા રહીને સાંભળ્યા અને જાણે તેમના પગેથી જમીન જ ખસ્કી ગઈ તે સાંભળી તે બેભાન થઈ ગયા. આકાશે તે જોયું અને તેની મમ્મીને ઉઠાડવાની કોશિશ કરી પણ તે ના જાગી. તે તેની મમ્મીને ઉઠાવીને હોસ્પિટલ લઈ ગયો. તેના તે પપ્પા પણ ત્યાં આવ્યા તે જોઈને અક્સ ગુસ્સે થઈને બોલ્યો," તું અહીંથી જતો રહે, હવે તારે અને અમારે કઈ લેવા દેવા નહિ."

પપ્પા: વાહ બેટા, જ્યાં સુધી રહેવું હતું ત્યાં સુધી રહ્યા, હવે તું કોણ ને હું કોણ?

અક્સ: પહેલાથી જ ખબર હોત કે તું મારો બાપ નથી તો ક્યારનો નીકળી ગયો હોત. જતો રે અહીંથી નઈ તો મારો હાથ ઉઠી જશે.

તે પછી અક્સ તેમને ક્યારેય મળ્યો નથી. અક્સ તેની મમ્મીના હોશમાં આવવાની રાહ જોતો

હતો. તેની મમ્મી હોશમાં આવ્યો એટલે તેમની યાદદાસ્ત પાછી આવે છે આકાશ તેમની પાસે જાય છે. તેની મમ્મી કહે છે કે,"આકાશ, પેલાની વાતો સાચી છે, અમારું એક્સીડન્ટ થયું હતું અમે કોઈ પ્રસંગમાં જઈ રહ્યા હતા, તારા પપ્પા(તેટલું બોલતા તેની મમ્મી અચાનક રડવા લાગે છે) તારા પપ્પા…..

એટલામાં નર્સ ત્યાં આવીને આકાશને બહાર જવાનું કહે છે, તેમના મગજને તણાવમાં ના નાખશો તેમને ધીરે ધીરે ઠીક થઈ જશે. આકાશ ત્યાંથી બહાર જતો રહે છે. તે વિચારે છે કે તેને ઠીક થશે પછી ક્યાં લઈ જશે, તેના તે પપ્પાના ઘરે તો હવે નથી જ જાઉં. તે વાણીને ફોન કરે છે અને બધું વિસ્તારથી સમજાવે છે. વાણી તેના ઘરે રહેવા આવવાનું કહે છે. આકાશની મમ્મીની તબિયત સારી થતાં તેને લઈને વાણીના ઘરે જાય છે. આકાશના મિત્રો તેની ખબર પૂછવા પણ આવે છે. આંટી સાથે મજાક મસ્તી કરી તેમને હસતા રાખે છે.

થોડા દિવસ પછી આકાશની મમ્મી સુતા હોય છે અને તેમને બધું યાદ આવવા લાગે છે. તેમને યાદ આવે છે કે તે હિંમતનગર રહેતા હતા. તેમનું મોટું ઘર હતું. તે આકાશના પપ્પા અને કાકાના પરિવાર સાથે રહેતા હતા. તેના પપ્પા અને કાકા બિલ્ડર હતા. તેમને નામ પણ યાદ આવે છે, મહેન્દ્ર રાવલ અને જીતેન્દ્ર રાવલ અને જ્યોતિ બિલ્ડર્સ નામની તેમની કંપની છે. આ બધું તે આકાશને જણાવે છે.

આકાશ: મમ્મી, હું કોનો છોકરો છું, મહેન્દ્રભાઈ કે જીતેન્દ્રભાઈ?

મમ્મી: મહેન્દ્ર રાવલ તારા પપ્પા હતા. જીતેન્દ્રભાઈ તારા કાકા થાય.

આકાશ: તો ચાલો આપણા ઘરે હિંમતનગર જઈએ. તે લોકો હશે તો તને ઓળખી જશે તને ત્યાં જઈને યાદ આવી જશે ને કે તમે ક્યાં રહેતા હતા.

મમ્મી: હા.. હા… મને બધું યાદ છે અને હા મારું નામ સુનિતા નથી, જલ્પા છે. આપણે શાહ નથી રાવલ છીએ.

આકાશ: અરે…. બાપ રે… મારા જીવનનો સૌથી મોટો ખુલાસો તો હવે થાય છે હું દારૂડિયાનો છોકરો નહિ પણ એક બિલ્ડર નો છોકરો છું!

આકાશ ઈન્ટરનેટ પર જ્યોતિ બિલ્ડર્સની જાણકારી લે છે અને તેનું સરનામું લઈ તે જગ્યાએ જાય છે. હિંમતનગર જતા રસ્તામાં અક્સ તેની મમ્મીને પૂછે છે," જ્યોતિ નામ કેમ રાખ્યું, તેમને કોઈ બીજું નામ ના મળ્યું? તેની મમ્મી કહે," ત્યાં આવું ના બોલતો, તે બંનેની બહેનનું નામ છે, તારી એક ની એક ફોઈ ઉપરથી એ નામ રાખ્યું છે" તે લોકો ત્યાં જ્યોતિ બિલ્ડર્સ ની ઓફિસે પહોચ્યા, અંદર ગયા એટલે ત્યાં એક કાકા બેઠા હતા. આકાશની મમ્મી જલ્પાબેને તેમને જોયા એટલે તે ઓળખી ગયા કે તે જીતેન્દ્રભાઈ તેમના દિયર છે. જીતેન્દ્રભાઈની નજર પડી એટલે તે આશ્ચર્ય પામ્યા અને તેમની આંખો ભીની થઈ ગઈ. તેમણે તેમની ભાભીને પગે લાગ્યા અને ખુશ થઈ ગયા. આકાશની મમ્મીએ આકાશને બતાવતા કહ્યું આ તમારો ભત્રીજો છે. આકાશ તેના કાકાને પગે લાગ્યો અને ભેટી પડ્યો. ખુશનુમા માહોલ થઈ ગયો હતો. જીતેન્દ્રભાઈ તેમને ઘરે લઈ ગયા જ્યાં તેઓ સાથે રહેતા હતા પોતાના મોટાભાઈ એટલે કે આકાશના પપ્પા સાથે. આકાશ અને તેની મમ્મી તેમના ઘરે પહોંચ્યા. ઘરે પહોંચ્યા એટલે આકાશની કાકી પણ આકાશની મમ્મીને જોઈને ચોંકી ગઈ તે પણ ભાવુક થઈને ગળે લાગ્યા અને રડતા રડતા કહેવા લાગ્યા,"ક્યાં હતા અત્યાર સુધી, અમે તને ક્યાં ક્યાં નથી શોધ્યા, તમને શોધવા માટે એડીચોટીનું જોર લગાડી દીધું પણ તમે ના મળ્યા. આટલા વર્ષો વીતી ગયા તમે ક્યાં હતા? આકાશે

કહ્યું,"અમદાવાદ". આકાશની કાકી તેની સામે જોવા લાગ્યા. તેની મમ્મીએ કહ્યું,"આ મારો છોકરો છે તમારો ભત્રીજો" આકાશ તેમને પણ પગે લાગ્યો. થોડે દૂર ઉભેલા તેના કાકાના છોકરા પણ નજીક આવ્યા અને આકાશની મમ્મીને પગે લાગ્યા. આકાશને પણ મળ્યા. બધું હખેથી ઠીક થયું એટલે આકાશે બધાને બેસાડી આખી વાર્તા કરી કે તેઓ ક્યાં હતા, તેના પપ્પાનું એક્સીડન્ટ થયું તેના પછી તેની મમ્મી ત્યાંથી ગાયબ કેવી રીતે થયા, તેમને જે ગાડીવાળા એ ટક્કર મારી હતી તે જ લઈ ગયો અને તેણે જ અમને રાખ્યા, તેના મમ્મી પર જે વીતી છે તે બધું જ કહ્યું. તેના કાકાએ આ બધું સાંભળી પૂછ્યું,"તેણે તે દારૂડિયા પર પોલીસ કેસ કેમ ના કર્યો? આકાશે જવાબ આપતા કહ્યું,"કાકા, માન્યું કે તેણે અમારી સાથે ઘાણું ખોટું કર્યું છે પણ તેણે અમને રાખ્યા પણ હતા, એ વાતને ધ્યાનમાં રાખી તેને તેની હાલત પર છોડી દીધો.

કાકા: વાહ, દીકરા વાહ, (આકાશની મમ્મીને કહેતા) ભાભી આ સાચે મોટાભાઈ નો જ દીકરો છે, એકદમ એમના જેવા જ વિચાર છે. (આકાશને) તો દીકરા તું ભણે છે?

આકાશ: અમદાવાદમાં કોલેજ કરું છું. બસ છેલ્લું વર્ષ બાકી છે.

કાકા: ચિંતા ના કર હવે, તારા કાકા બેઠા છે, તને ભણવામાં કોઈ તકલીફ નહિ પડે. તને અમદાવાદમાં રહેવા હું મસ્ત ઘર અપાવી દઉં છું તારી કોલેજ પતે ત્યાં સુધી તારે ત્યાં રહેવાનું અને ભાભી અમારી જોડે રહેશે.

આકાશની મમ્મીએ ઘરમાં આકાશના પપ્પાની તસવીર પર હાર જોયો તે જોઈને તેઓ રડવા લાગ્યા. આકાશે પણ તે જોયું તે જોઈ તેની પણ આંખો ભીની થઈ ગઈ. વર્ષો પછી તેને ખબર પડી છે કે તેના પપ્પા કેવા લાગે છે કેવા દેખાતા હતા. આકાશ બે દિવસ ત્યાં રહ્યો. કાકાના કહ્યા પ્રમાણે આકાશને અમદાવાદમાં અલગ ઘર લઈ આપ્યું. આકાશે તેના નવા ઘરે તેના બધા મિત્રોને બોલાવી બધી વાત કરી કે તેના જીવનનો વળાંક આમ પણ લઈ જઈ રહ્યો છે.

કોલેજનું છેલ્લું વર્ષ ખતમ થવામાં ગણ્યા ગાંઠ્યા દિવસો વધ્યા હતા. આકાશ, વાણી, નિલુ, જય અને રિંકૂ બધા અલગ થવાના હતા. બધાની મંજિલ અલગ અલગ દિશામાં લઈ જઈ રહી છે. છેલ્લા દિવસે તેઓ કોલેજની બહાર ઊભા વાતો કરતા હતા.

વાણી: હવે આપણે છુટા પડવાના છીએ. હવે ખબર નઈ ક્યારે મળીશું. હું કાલે વડોદરા જઈ રહી છું મારી મમ્મી પાસે.

નિલય: હું મારા પપ્પાનો ધંધો સંભાળવાનો છું.

જય: મને તો ખબર નઈ હું શું કરવાનો છું

રિંકુ: હું મારા ગામ જવાની છું. સાગર સાથે સમય કાઢીશ. મનમેળો થઈ ગયો તો તેની સાથે જ રહીશ આમ પણ મારા ઘરવાળા ને તેનાથી કોઈ વાંધો નથી.

આકાશ: હું વિચારું છું કે કાકા સાથે જ અમારો બિઝનેસ સાંભળીશ.

નિલય: તું કડિયા કામ કરીશ એમ ને!

(બધા આકાશની સામે જોઈ હસવા લાગ્યા)

રિંકુ: સારું ચાલો, હું જાઉં છું. મને સાગર કાલે લેવા આવવાનો છે અમદાવાદ.

નિલુ: ઓહો.... વાત આટલે બધે પહોંચી ગઈ એમ.

જય: સારું ચાલો અમે પણ જઈએ.

તે ત્રણ લોકો જતા રહ્યા અને આકાશ અને વાણી ત્યાં ઊભા હતા.

વાણી: આકાશ, થેંક યું. તમે લોકો મારા જીવનમાં આવ્યા અને મારી જિંદગીમાં જે યાદો ભરી છે તેના બદલ ખૂબ ખૂબ આભાર. સાચે તમે ના હોત તો ખબર નઈ મારી જિંદગી કેવી હોત.

આકાશ: હમમ... તું આવી એના માટે તને પણ આભાર. તારા લીધે મારા જીવનમાં પણ કેટલાક બદલાવ આવ્યા છે અને તે બદલાવ સારા છે.

વાણી: તું ક્યારે પાછો જવાનો છે.

આકાશ: બસ, કાલે જાઉં છું પાછો.

વાણી: તને મારી યાદ આવશે?

આકાશ:બિલકુલ નહિ. તને લાગે છે?(મજાકમાં)

વાણી: સાચે?

આકાશ: અરે ના પાગલ, તું તો મારા જીવનનો એક ભાગ છે તને કેવી રીતે ભૂલી શકુ.

વાણી: બસ બસ. બહુ ડંફાસો ના મારીશ. સારું ચલ હું જાઉં છું.

આકાશ: સાંભળ, તું મને યાદ કરીશ?

વાણી: ના કેમ.

આકાશ: ઓહ... (નિરાશ થઈને) સારું ચલ. મળીએ પછી. નક્કી નઈ હવે ક્યારે મળીશું.

આકાશ અને વાણી બન્ને છુટા પડીને પોતાના ઘરે જાય છે. બીજા દિવસે આકાશ હિંમતનગર જવાની તૈયારી કરી રહ્યો હોય છે. બેગમાં કપડાં ભરતો હોય છે ત્યાં વાણી તેના ઘરે આવે છે.

આકાશ: વાણી, આવ ને..

વાણી: તું જાય છે તો વિચાર્યું તને છેલ્લી વાર મળી લઉં.

આકાશ: હમમ...

વાણી(અવાજ અચકાતા): અક્સ, એક વાત કહેવી છે..

આકાશ: હા બોલ.

વાણી: આઇ... આઇ એમ ઈન લવ વીથ યુ. આઇ લવ યુ. હું... હું તારી સાથે રહેવા માગું છું. મારે તારો જવાબ સાંભળવો છે પછી જ તું તારા જઈશ અને તારો જે પણ જવાબ હશે મને મંજૂર છે.

આકાશ: વાણી, એક વાત કહું. આઇ લવ યુ ટુ. મારે તને ઘણા સમયથી કહેવું હતું પણ હું કહી ના શક્યો.

વાણી: ઓહ માય ગોડ... ઓહ... તો તે કહ્યું કેમ નહિ? (આકાશને ગળે મળતા)

આકાશ: હું કાબિલ નતો તારા માટે.

વાણી: હમમ...

આકાશ: ચાલ, મારી સાથે મારા ઘરે.

વાણી: ના, તું જા. ઘણા સમય પછી તને તારો સાચો પરિવાર મળ્યો છે. તું એમની સાથે સમય વિતાવ. હું જાઉં મારી મમ્મી પાસે તેને મારી જરૂર છે.

આકાશ: સારું. ચલ ધ્યાન રાખજે તારું અને રોજ ફોન કરજે. હું જલ્દી જ તારી સાથે લગ્ન કરીશ.

વાણી તે સાંભળી ખુશ થઈ ગઈ. આકાશ તેના ઘરે જાય છે. વાણી પણ બરોડા જવા નીકળે છે તેની મમ્મી પાસે. રિંકુ પણ તેના ઘરે માંડવી જતી રહે છે અને સાગર સાથે સમય વિતાવે છે. બધા મિત્રો છુટા પડી જાય છે.

આકાશ હિંમતનગર તેના ઘરે હોય છે. ક્યારેક અવાર નવાર તેની વાણી જોડે વાત થતી. એકવાર તે અને તેના કાકા સાથે બેઠા હતા. કાકાએ તેને પૂછ્યું,"બેટા, તારી કોલેજ તો પતી ગઈ હવે શું કરવાનો વિચાર છે? આકાશે કહ્યું," હું નોકરી શોધી રહ્યો છું, હું જવાનો છું બે ત્રણ કંપનીઓ છે તેમાં ઈન્ટરવ્યૂ આપીશ". કાકાએ કહ્યું," જેવી તારી ઈચ્છા, નોકરી મળે તો ઠીક છે ના મળે તો નિરાશ ના થતો, મારી કંપની તે તારી પણ છે. તું આપણી કંપની પણ સંભાળી શકે છે, હું તને બધું શીખવાડી દઈશ.

થોડા દિવસો પછી આકાશ ઈન્ટરવ્યૂ આપવા ગયો પણ તેમાં કઈ ખાસ વળ્યું નહિ. આકાશ ભણ્યો હતો પણ તેને તે કામમાં રુચિ હતી નહિ. તેના હાવભાવ પરથી જ કોઈ કંપનીવાળા એ તેને રાખ્યો નહિ. નિરાશ થઈને તે ઘરે જાય છે. કાકાએ પૂછ્યું,",શું થયું? પાસ થઈ ગયો ઈન્ટરવ્યૂ માં? આકાશે કહ્યું,"ના કાકા, જગ્યા નથી કોઈ કંપનીમાં. કાકાએ કહ્યું,"ચિંતા ના કર, મારી ઓળખાણમાં એક ઓટોમોબાઈલ કંપની છે, તેને ત્યાં સેલ્સ એક્સેક્યૂટીવ તરીકે તારી વાત કરું છું, હું તને સરનામું આપુ છું તું કાલે ત્યાં જતો રહેજે. બીજા દિવસે આકાશ તેના કાકાએ આપેલા સરનામે પહોંચ્યો અને તેના કાકાની લાગવગથી તેને ત્યાં નોકરી માટે રાખી લીધો. ઈન્ટરવ્યૂ માં પાસ થયો એટલે સૌથી પહેલા તેણે વાણીને જણાવ્યું. વાણી પણ તે સાંભળી ખુશ થઈ ગઈ.

બીજા દિવસથી આકાશ ઓટોમોબાઈલ કંપનીમાં નોકરી કરવા લાગ્યો. થોડા દિવસ નોકરી કરી પણ તેને તેમાં રસ ના હતો એટલે તેનાથી કઈ ખાસ કામ ના થયું. કંપનીને નુકસાન થયું એટલે તેના મેનેજરે આકાશના કાકાને વાત કરી. આકાશના કાકાએ આકાશને કંપની છોડાવી દીધી અને પૂછ્યું,"આકાશ, તને શેમાં રસ છે? તારે કરવું શું છે? આકાશે કહ્યું," કાકા, સાચું કહું તો મને ખબર જ નથી કે હું ખુદ શું ઈચ્છું છું, મને ખબર જ નથી કે મારે કરવું શું છે, મારી જિંદગી કેવી રીતે નીકળશે. મને કઈ સૂઝતું નથી અને એક તો અચાનક મારી જિંદગીમાં એટલો મોટો ખુલાસો થયો છે તેમાંથી હું હજી બહાર નથી આવ્યો. કાકાએ કહ્યું,"એક કામ કર, તારે જે બાજુ તારું મન લઈ જય એ બાજુ જા. તારે જેટલા પૈસા જોતા હોય એટલા હું આપીશ. તું જાણી લે કે તારે શેમાં પૈસા રોકવા છે કે જેનાથી તું આગળ વધી શકે."

આકાશે તેના વિશે વિચાર્યું તેણે તેના મિત્રોને પણ આ વિશે કહ્યું વાણીને પણ વાત કરી. આકાશ અને વાણી વચ્ચે વાત થઈ.

વાણી: આકાશ, તારે શું બનવું છે, શું કરવું છે તે જ તને નથી ખબર તો તું શું કરીશ. તારો કોઈ ગોલ જ

નથી તો તું આગળ કેવી રીતે વધીશ. આપણા ભવિષ્યનું શું થશે. તું કંઈ વિચાર યાર... કોઈ ના પણ માં બાપ એવું ના ઈચ્છે કે તેની છોકરીના લગ્ન એવા સાથે થાય જે કંઈ ના કરતો હોય.

આકાશ: હા ખબર છે પણ શું કરું.

વાણી: તો શોધ. તારામાં જે આવડત હોય તે બહાર લાવ. તને ખબર છે સ્વામી વિવેકાનંદજીએ કહ્યું છે કે જે માણસનું કોઈ લક્ષ્ય ન હોય તે માણસ જીવતી લાસ બરાબર છે.

આકાશ: હમમ... તારી આ વાત મને યાદ રહેશે. મારે કઈ કરવું જોઈએ.

વાણી: હમમ.. એક કામ કર તને ગમતી બધી લાઈનમાં કોશિશ કરી જો જે સારી લાગે તેમાં પૈસા ઈન્વેસ્ટ કર.

આકાશ: હમમ... સારું લાગે છે હું તારી સાથે વાત કરું એટલે. તું મારી હિંમત બનીને રહેજે હંમેશા.

વાણી: હું તારી સાથે જ છુ યાર.

આકાશે કાકા જોડેથી પૈસા લઈ અલગ અલગ જગ્યાએ જતો અને બધી લાઈનની ચકાસણી કરતો કે કઈ લાઈન સારી છે બિઝનેસ માટે. તેં તેના મામા પાસે ગયો જેમને લેડીઝ બ્યુટી પાર્લર હતું. આકાશે તે શીખવાનું વિચાર્યું અને તેના મામા સાથે શીખવા લાગ્યો. આકાશે આ વાત વાણી અને તેના મિત્રોને પણ કહી. આકાશને તેમાં રસ પડ્યો અને શીખવા લાગ્યો. ત્યાં સારી સારી સુંદર છોકરીઓ આવતી તેમાં આકાશનું મન લલચાતું. તે કામ તો શીખતો પણ સાથે સાથે સારી સારી છોકરીઓ સાથે વાતો કરી તેમની સાથે ફરવા જતો અને ખાતો પીતો. વાણી સાથે તેની વાત ઓછી થવા લાગી તે ફોન કરતી તો ઘણીવાર આકાશ ઉઠાવતો નહિ અને અલગ અલગ બહાના બતાવી વાત ટાળી દેતો.

વાણી આ વાતથી ઉદાસ તેના ઘરે બેઠી હતી. એકવાર નિલયે તેના હાલચાલ પૂછવા ફોન કર્યો. વાણીના મનમાં આકાશની ચિંતા ચાલતી હતી કે તે કેટલો વ્યસ્ત હશે કે વાત કરવાનો પણ સમય નથી એમ નિલયને વાત કરી તો તેણે કહ્યું કે ચાલ આપણે તેને મળી આવીએ. નિલય વાણીને લઈને હિંમતનગર ગયો ત્યાં આકાશ જ્યાં કામ કરતો ત્યાં પહોંચ્યા. વાણીને થયું કે આકાશ ત્યાં હશે તો તેને સરપ્રાઈઝ આપીશ. લેડીઝ સલૂન હતું એટલે નિલય બહાર જ ઉભો રહ્યો અને વાણી તે સલૂનમાં ગઈ પણ તેને આકાશ દેખાયો નહિ તેણે કર્લી વાળ કરવાનું કહી આકાશને જોવા ત્યાં બેસી ગઈ અને તેનો વારો આવવાની રાહ જોતી હતી. તેના મામા અને ત્યાં કામ કરતાં બીજા માણસ સાથે વાત કરતા હતા. તેના મામાએ પૂછ્યું, "આકાશ ક્યાં ગયો છે?" બીજા માણસે જવાબ આપ્યો કે આકાશ તો પેલી દિપ્તી સાથે પાછળ વાળા બગીચામાં ગયો છે. મામાએ કહ્યું કે તે જબરો ક્યારેક દિપ્તી ને ક્યારેક પૂજા ને ક્યારેક અંજલી જોડે રખડવા જતો રહે છે મને નથી લાગતું કે તે આ કામ શીખશે. આ વાત ત્યાં બેઠી વાણી સાંભળી ગઈ તે ઊભી થઈ અને ત્યાંથી બહાર નીકળી ગઈ. બહાર રાહ જોતા નિલયે પૂછ્યું,"તું બહાર કેમ આવી ગઈ? આકાશ અંદર નથી?"

વાણી: ના. કોઈને પૂછ અહીંયા નજીકમાં બગીચો ક્યાં છે?

નિલયે કોઈને બગીચાનું પૂછ્યું અને બન્ને તે બગીચે ગયા. બંનેએ ત્યાં આકાશને શોધ્યો. વાણીને આકાશ દેખાઈ ગયો તે એક છોકરી સાથે ત્યાં બેઠો હતો. દૂર ઊભી રહીને વાણીએ આકાશને ફોન કર્યો પણ તેણે કૉલ કટ કરી નાખ્યો. તે દૃશ્ય નિલયે પણ જોયું. નિલયને પણ સારું ના લાગ્યું. વાણી

ત્યાં ઊભી રડવા લાગી. નિલયે તેને પોતાના ખભે રાખી તેને રડતા ચૂપ કરાવતો હતો.

વાણી:(રડતા રડતા) હું આના માટે ચિંતા કરતી હતી કે આ કેવો હશે. કેવી રીતે રહેતો હશે. તેને મારી જરૂર છે પણ હું મારા ઘરે હતી એટલે તેને રોજ ફોન કરતી. હું આને કેટલો પ્રેમ કરું છું અને તે મારી સાથે વિશ્વાસઘાત કરે છે.

નિલય: ચિંતા ના કર. બધું સારું થઈ જશે.

વાણી: ના. હવે મારે તેની સાથે સબંધ જ નથી રાખવો. મે તેને આવો નતો ધાર્યો. આપણી સાથે રહેતો ત્યારે તો આવો તો ન હતો.

નિલય: અરે, મને પણ ખબર નથી કે તે આવું કરી શકશે. તે પણ તારી સાથે. તેણે તો મને ક્યારનું કહી દીધું હતું કે તે તને જ પ્રેમ કરે છે બીજા કોઈને નઈ. તમારી રીલેશનશીપ શરૂ થઈ તે પહેલાનો તને પ્રેમ કરે છે.

વાણી: તો પણ આવું કેમ કર્યું એને મારી સાથે. શું મારામાં કઈ ખામી છે?

નિલય: તારામાં કઈ ખામી હોતી હશે! તારો પ્રેમ જેને મળે તે તો નસીબદાર કહેવાય. પણ….

વાણી: પણ શું…?

નિલય: પણ આકાશ એવું પણ કરશે એવું તો મે પણ ન હતું વિચાર્યું. મને લાગે છે કે… તેનું ધ્યાન ભડકી ગયું છે. તું ચિંતા ના કર. આપણે તેને ઠેકાણે લઈ દઈશું. આવી નાની વાતમાં સબંધ ના તોડાય. જો તું તેને પ્રેમ કરતી હોય તો તેનો સાથ ના છોડીશ. તે તને છોડીને ક્યાંય નહિ જાય એની ગેરંટી મારી.

વાણી:(રડતા) સાચે? તું મારા આકાશને પાછો લાવી આપીશ?

નિલય: બિલકુલ. લાવી આપીશ. અત્યારે આપણે પાછા જઈએ અમદાવાદ હું કઈ રસ્તો શોધી તને કહીશ. તું રડવાનું બંધ કરી દે નહિ તો અહીંયા જ મૂકીને જતો રહીશ. મને રડતી છોકરી પસંદ નથી હા નઈ તો…

વાણી હસવા લાગે છે અને તેને ગળે ભેટી પડે છે. ત્યાંથી બન્ને અમદાવાદ પાછા આવે છે. વાણી ઘરે આવીને તેના રૂમમાં બેસી રડતી હોય છે. આકાશના અને તેના ફોટાઓ જોતી હોય છે. નિલયે તેને ફોન કર્યો.

(ફોન માં)

નિલય: શું કરે છે?

વાણી: કઈ નહિ. નોકરી શોધવાની તૈયારી.

નિલય: હમમ… તું ઈચ્છે તો તું મારી ફેક્ટરીમાં નોકરી કરી શકે છે. કસ્ટમર એક્સેક્યૂટિવ તરીકે રાખી શકું છું તને. તું મારી સાથે રહીશ તો બન્ને કામ થઈ શકશે કે મારું કામ પણ થઈ જશે અને આકાશનું શું કરવું તે પણ વિચારી શકાય.

ત્યારપછી વાણી અમદાવાદ રહેવા આવી અને નિલયની ફેક્ટરીમાં કામ કરવા લાગી. વાણી કામ તો કરતી પણ નિલય તેને બહુ કામ કરવા ના દેતો, મોટાભાગે તો તે વાણીને લઈને ફરવા જતો રહેતો. નિલય અને વાણી મૂવી જોવા જતા, રેસ્ટોરન્ટમાં જમવા જતા, ફરવા જતા અને જ્યાં જ્યાં

જતા ત્યાં બધે નિલય ફોટા પડતો. એકવાર વાણીએ પૂછ્યું;

વાણી: નિલૂ, તું આ શું કરી રહ્યો છે? તું મને કામ તો કરવા નથી દેતો અને આકાશનું પણ કઈ હજી કર્યું નથી.

નિલય: (હસતા મજાકમાં) તને એવું લાગે છેને હું તને ફસાવી લઈશ હેને... હેને.. મને ખબર છે. સાંભળ, આપણે જ્યાં જ્યાં પણ ગયા છીએ ત્યાં ત્યાં ફોટા પાડ્યા છે?

વાણી: હા... તો?

નિલય: તો બસ. એ બધા ફોટાઓ તું અપલોડ કરીશ અને આકાશ જોશે એટલે તને ફોન કરશે.

વાણી: અને આકાશ પાછો આવી જશે મારી સાથે...એમ(ખુશ થઈને)

નિલય: ના.. એટલી જલ્દી નહિ આવે. તું તેને આસાનીથી મળી જઈશ તો એને તારી કદર નહિ થાય એને થોડો લલચાવો પડશે.

વાણી: એવું હું ના કરી શકું. આઇ લવ હીમ.

નિલય: તો તું એમ જ છોડી દઈશ જે તેણે કર્યું એના માટે. તારા લગ્ન થઈ જશે અને પછી પણ તે કોઈ છોકરી જોડે ગયો તો ચાલશે તને?

વાણી નું મોઢું નીચે થઈ ગયું અને કઈ ના બોલી.

નિલય: જો, મને ખબર છે એ તને પ્રેમ કરે છે,પણ જ્યાં સુધી તેને તારા પ્રેમની કદર નઈ થાય ને ત્યાં સુધી તેને ખબર નહિ પડે કે તે શું કરે છે. તું ચિંતા ના કર હું તને આકાશ સાથે મલાવી ના દઉં ત્યાં સુધી હું તને નહિ છોડું.

નિલયના કહ્યા પ્રમાણે વાણીએ તે બંનેના ફોટાઓ સોશીયલ મિડીયા પર અપલોડ કર્યા અને તે ફોટા આકાશે જોયા. તે ફોટા જોઈને આકાશે વાણીને ફોન કર્યો પણ નિલયના કહેવા પર વાણીએ ફોન ના ઉપાડ્યો, ફરીથી લગાવ્યો પણ વાણીએ ના ઉપાડ્યો, વાણીએ ફોન ના ઉપાડતા આકાશે નિલયને ફોન કર્યો અને નિલય જોડે વાત કરી.

ફોન માં...

નિલય: હા બોલ ને ભાઈ.

આકાશ: વાણી તારી સાથે છે?

નિલય: હા.

આકાશ: તેને ફોન આપ તો.

નિલય: હા આપુ... લે વાણી(ફોન આપતા)

વાણી: હેલ્લો

આકાશ: તું મારો ફોન કેમ નથી ઉપડતી? ક્યારનો ફોન કરું છું તને.

વાણી: (ખોટું બોલતા) અરે મારો ફોન સાઈલેન્ટ છે. સોરી.

આકાશ: અને આ શું જોવું છું હું, કે તું નિલય સાથે ફરે છે?

વાણી: અરે એ તો નિલયની ફેક્ટરીએ કામ કરું છું હવે તો ક્યારેય ક્યાંય મીટીંગ હોય તો મારે જાઉં પડે સાથે. તો ફોટા પાડી લઈએ.

આકાશ: અચ્છા.. (કટાક્ષમાં) થિએટરમાં ક્યારથી મીટીંગ થવા લાગી?

વાણી: ના રે. એ તો એમ જ મને કોઈ વાર મૂવી જોવાની ઈચ્છા થાય તો તે લઈ જાય છે.

આકાશ: હમમ… સારું હું કાલે આવું છું અમદાવાદ તને મળવા.

વાણી: આવ ને જલ્દી કેટલા સમયથી હું તને નથી મળી!

આકાશ: હા કાલે આવીને મળું. બાય લવ યુ.

વાણી: લવ યુ ટુ.

વાણીએ નિલયને કહ્યું કે આકાશ કાલે આવે છે તેને મળવા પણ નિલયે તેને ના પાડી કે, "તે આવશે પણ તને મળશે નહિ, હજી તો ખબર પડે છે કે તું દૂર જય છે હવે તે રાહ જોશે તને મળવા માટે, જો તે પાસ થઈ ગયો તો ઠીક છે, નહિ તો જાય જાલમની ખાડી માં, મારે શું!".

બીજા દિવસે આકાશે અમદાવાદ આવી વાણીને ફોન કર્યો.

આકાશ: હેલ્લો હું આવી ગયો છું તો તું ક્યાં છે?

વાણી: અરે સોરી અક્સ, અમારે અચાનક એક મિટિંગ ફિક્સ થઈ છે તો અમે વહેલી સવારે જ નીકળી ગયા છીએ, અમે આબુ બાજુ આવ્યા છીએ, આવતા સાંજ થઈ જશે.

આકાશ: વાણી યાર, તારા માટે હું મહત્વનો છું કે તારી નોકરી?

વાણી: ઓફ કોર્સ તું. પણ હું નિલયનું નુકસાન તો ના જ કરું ને યાર. કેવી વાત કરે છે તું આપણો દોસ્ત છે એ.

આકાશ: સારું… પાછી ક્યારે આવીશ.

વાણી: હું સાંજે આવી જઈશ.

આકાશ: સારું તો હું નિલયની ઓફિસે રાહ જોઉં છું.

વાણી: સારું.

વાણી અને નિલય આબુ તો હતા પણ કોઈ મિટિંગ માટે નહિ એમ જ ફરવા આવ્યા હતા અને આકાશને ના મળવા માટે તેઓ દૂર જતા રહ્યા હતા. તે બેયના ફોટા જોઇને જયે પણ નિલયને ફોન કર્યો.

ફોન માં…

જય: હેલો

નિલય: બોલ ભાઈ, તે પણ ફોટા જોઈને ફોન કર્યો છેને?

જય: હા… પણ આ શું છે તું આપણા જ દોસ્તની ગર્લફ્રેન્ડને લઈને ફરે છે? અક્સને ખોટું લાગશે તો?

નિલય: તેને ખોટું લગાડવા તો કર્યું છે આ બધું.

જય: કેમ?

નિલય: અરે તે ઘણા સમયથી વાણીને ઈગનોર કરતો હતો તો એકવાર મે વાણીને ફોન કર્યો તો તેણે મને આ બધી વાત કરી તો અમે તેને મળવા હિંમતનગર ગયા પણ ત્યાં ગયા તો જોયું કે ભાઈનું ધ્યાન ભટકી ગયું છે તે તો કોઈ છોકરી જોડે બેઠો હતો અને એ જોઈ વાણી રડવા લાગી બસ પછી તેનું મગજ ઠેકાણે કરવા આ બધું કર્યું છે હજી જો તે મારા ઓફિસે રાહ જોવે છે અને હું ને વાણી આબુ છીએ.

જય: સાલા હરામી… આ બધું તું એની જોડેથી શીખીને તું એના પર જ ઉપયોગ કરે છે.

નિલય: હા… પણ આ કામ કરે છે. સારું પણ હું આવું નહિ ત્યાં સુધી તું તેને કઈ કહેતો નહી.

જય: હા સારું નહિ કહું.

નિલય અને વાણી આબુ પહોંચ્યા અને ફરવા નીકળી પડ્યા. નિલયે આખો દિવસ અલગ અલગ જગ્યાએ જઈને વાણીના ફોટા પાડ્યા, તે ફોટા એટલા મસ્ત હતા કે તે જોઈને નિલયને વાણી ગમવા લાગી. તેને વાણી પ્રત્યે પ્રેમ જાગ્યો જો કે તેને તે યાદ હતું કે તે તેના મિત્રની ગર્લફ્રેન્ડ છે. ત્યારબાદ બન્ને એક હોટેલમાં જમવા ગયા અને ત્યાં વાતો કરતા હતા.

નિલય: વાણી, ચલ આજે તારી સાથે હું આમ સિરિયસ થઈને વાત કરું.

વાણી: રહેવા દે. તું અને સિરિયસ!!! અશક્ય છે.

નિલય: અરે એવું ના હોય.. આજે તું મારા વિશે વાત કરીશ. હું પૂછું એનો જવાબ આપ.

વાણી: હા બોલ.

નિલય: તે મને જોયો ત્યારે તું મારા વિશે શું વિચારતી હતી?

વાણી: પહેલા તો તું મને સાવ ડફોળ અને લુચ્ચો લાગતો હતો પછી તું જે તારા પૈસાનું પાણી કરતો હતો તો મને લાગ્યું તું પૈસાનો ઘમંડી હોઈશ પછી આપણે દોસ્ત બન્યા ત્યારે તું મને રમુજી લાગ્યો અને ખબર પડી કે તને તારા પૈસાનું જરાય ઘમંડ નથી.

નિલય: અને હવે?

વાણી: હવે એવું લાગે છે કે તું કામનો માણસ છે, તારી દોસ્તી પર ક્યારેય શક ના કરાય. સારો છે, જરૂર પડે ત્યારે તું સાથે ઊભો રહે છે, મને તો એવું લાગતું હતું કે તને બસ ખાલી મસ્તી કરતા જ આવડે છે, પણ ના એવું નથી, તને ઘણું બધું આવડે છે તું તારા પપ્પાને બિઝનેસમાં પણ મદદ કરે છે તને પણ બિઝનેસમાં સારી એવી ખબર પડે છે, ટુંકમાં તું છે એકદમ મસ્ત, લોકોને ગમી જાયય એવો જો તે તારી સાથે રહેતા હોય તો.

નિલય: એ તો હું અત્યારે તારા કામમાં આવું છું એટલે તું વખાણ કરે છે ખોટા.

વાણી: ના યાર.. સાચ્ચે. આકાશ પછી જો કોઈ મને છોકરી સારો લાગ્યો હોય તો તું. જય પણ સારો છે પણ તે હંમેશા લડવાની વાતો કરતો હોય છે પણ તું મારો બેસ્ટ ફ્રેન્ડ છે. હું તો તારું નવું નામ પાડવાનું

વિચારું છું, પછી મને થયું કે તને ખોટું લાગશે તો.

નિલય: લે જબરી છે તું પણ બેસ્ટ ફ્રેન્ડ કહીને ખોટું લાગવાનું વિચારે છે... બોલ શું નામ પાડવું છે તારે મારું. પાડી દે જે નામ પાડવું હોય એ.

વાણી: આમ તો તને બધા નિલુ કહે છે પણ હું તને "નિલોફર" કહીશ.

નિલય: વાહ જોરદાર નામ પાડ્યું, ગમ્યું હો મને.

વાણી: તો પછી... આપણે નામ પાડીએ એટલે સારું જ પાડીએ... (થોડીવાર રહીં સિરિયસ થઈને) હું શું કહું છું આકાશ પાછો તો આવશે ને?

નિલય: અરે આવશે જ, નહિ આવે તો હું છું ને.

વાણી: હમમ.... વિચાર તો સારો છે આમ પણ બોયફ્રેન્ડ પછી બેસ્ટ ફ્રેન્ડ જ મહત્વનો હોય છે. પણ હું તારા બધા પૈસા વાપરી નાખીશ.

નિલય: વાપરી લેને.. તારા માટે ક્યાં ના છે. હું શું કહું છું બોયફ્રેન્ડ અને બેસ્ટ ફ્રેન્ડ વચ્ચે છોકરીઓ પિસાઈ જાય છે એવું મે સાંભળ્યું છે, ક્યાંક તારી તો આવી હાલત નઈ થાય ને. આકાશે તને મારી જોડે વાત કરવા ના કહી તો.

વાણી: તે કહે જ નહિ અને તે કહેશે તો હું ચોરી છુપી તારી સાથે વાત કરીશ. બાકી બન્ને માંથી કોઈને નહિ છોડું.

નિલય: હમમ... બોયફ્રેન્ડ અને બેસ્ટ ફ્રેન્ડમાં તારી માટે કોણ મહત્વનું?

વાણી: બોયફ્રેન્ડ. કેમ કે એ જો જીવનસાથી બનશે તો હમેશા માટે મારી સાથે જ રહેવાનો છે, બેસ્ટ ફ્રેન્ડ.... બેસ્ટ ફ્રેન્ડ તો અલગ જ રિલેશનશિપ છે. તે ત્યારે સાથે હોય છે જ્યારે તમારો પ્રેમ પણ તમારી સાથે ના હોય.

નિલય: બોયફ્રેન્ડ અને બેસ્ટ ફ્રેન્ડ માં સૌથી વધારે અગત્યની વાતો કોની સાથે થાય.

વાણી: બેસ્ટ ફ્રેન્ડ સાથે. કેમ કે બોયફ્રેન્ડ સાથે બધી વાતો થઈ શકે પણ બોયફ્રેન્ડની જ કઈ વાત કરવી હોય તો છોકરી કોને કહેવા જશે! બેસ્ટ ફ્રેન્ડને... અને બેસ્ટ ફ્રેન્ડની તો એવી કોઈ વાત જ ના હોય જેને આપણે તેને મોઢા પર ના કહી શકીએ નહિ તો તે બેસ્ટ ફ્રેન્ડ ના કહેવાય.

નિલય: છોકરી, બોયફ્રેન્ડ અને બેસ્ટ ફ્રેન્ડ વચ્ચે લવ ટ્રાઈંગલ થઈ જાય તો શું કરવું જોઈએ.

વાણી: જો બેસ્ટ ફ્રેન્ડ ને છોકરી સાથે પ્રેમ થાય જેને પહેલેથી જ બોયફ્રેન્ડ છે તો એણે ક્યારેય પોતાના પ્રેમનો ઈઝહાર ના કરાય કેમ કે એમાં બન્ને સબંધ બગડે અને પછી તેમની દોસ્તી પણ એવી ના રહે જેવી પહેલા હોય.

નિલય: હમમ...

વાણી: તને શું મારાથી પ્રેમ તો નહિ થઈ ગયો ને...

નિલય: (ખોટું બોલતા) સેજેય નહિ તને અને પ્રેમ? જા જા..

વાણી: હરામી.. હું એટલી પણ ખરાબ નથી કે તને ગમુ પણ નહિ.

નિલય: તું છે જ.

વાણી: ભલે.. જેને ગમી છું એ મને ગમે છે એટલું બહુ છે. આકાશવાણી… જો જોડાયેલું નામ પણ એક નામ છે.

નિલય: બેકાર નામ છે મને ના ગમ્યું.

વાણી: ભલે…. આપણે હવે પાછું અમદાવાદ જવાનું છે કે નહિ. અક્સ રાહ જોવે છે આપણી.

આકાશ આખો દિવસ નિલયની ફેક્ટરીએ ઓફિસમાં બેસી વાણીની રાહ જોતો હોય છે તેમને વાર લાગતા તેનો ગુસ્સો વધતો ગયો. નિલય અને વાણી આબુથી નીકળ્યા એટલે તેમને અમદાવાદ પહોંચતા મોડું થઈ ગયું, ત્યાં સુધી તો આકાશનો ગુસ્સો સાતમે આસમાને પહોંચી ગયો. ફેક્ટરીનો બંધ કરવાનો સમય થયો એટલે આકાશ બંધ ફેક્ટરીની બહાર રાહ જોવા લાગ્યો. નિલય અને વાણી ગાડી લઈને ત્યાં પહોંચ્યા, આકાશે તેમને આવતા જોયા. વાણી ગાડીમાંથી ઉતરે તેની પહેલા તેણે નિલય સામે જોયું. નિલયે કહ્યું,"જોયું મે તને કહ્યું હતું ને તે તારી રાહ જોશે કેમ કે તે તને પ્રેમ કરે છે જા મળી લે તેને" તે સાંભળી વાણી ગાડીમાંથી ઉતરી અને આકાશને ગળે લાગી.

વાણી: આઈ મિસ યુ.

આકાશ: હું પણ.(આકાશે ગુસ્સાથી નિલય સામે જોયું)

નિલય આકાશને મળવા આવ્યો એટલે આકાશે તેને લાફો માર્યો અને વાણી તે જોઈ ચોંકી ગઈ.

આકાશ નિલયને: તું મારી જ ચાલો મારી પર આજમાવે છે. તને શું લાગે મને ખબર નહિ પડે. તું મને વાણીથી અલગ કરવા માંગે છે?

તે સાંભળી વાણી બોલી," એવું નથી, અક્સ"

આકાશે તેની વાત વચ્ચે બોલ્યો,"તને ખબર નથી આ જે કરતો હતો ને એ બધું મે જ તેણે શીખવાડ્યું છે, એ તને ફસાવા માગે છે અને મને તારાથી અલગ કરે છે"

નિલય: અરે ભાઈ, મારી વાત તો સાંભળ.

આકાશ: નથી સાંભળવી તારી વાત મારે, ભાઈ માનતો તો હું તને અને તે મારી પાછળ મારી સાથે ગદ્દારી કરી. આજથી તારી અને મારી ભાઈબંધી ખતમ.

એમ કહી અક્સ વાણીને લઈને ત્યાંથી નીકળી ગયો. વાણી તેને રોકી રહી હતી અને કહી રહી હતી," અક્સ, મારી વાત તો સાંભળ, અક્સ" પણ આકાશે સાંભળ્યા વગર તેનો હાથ પકડી નિલયથી દૂર લઈ ગયો. નિલય પણ ત્યાંથી તેના ઘરે જતો રહ્યો. વાણીએ તેનો હાથ છોડાવી આકાશને ઊભો રાખી તેને કહ્યું,

વાણી: અક્સ, મારી વાત સાંભળ, હું તારી સાથે છું નિલયના લીધે. જો નિલય ના હોત તો કદાચ હું તારાથી દૂર જતી રહી હોત અને કેમ ના જાઉં દૂર તને તો તારી બ્યુટી પાર્લર વાળીઓથી ફુરસત મળે તો ને. (આકાશ આશ્ચર્યથી તેની સામે જોવા લાગ્યો) હા… અમે આવ્યા હતા હિંમતનગર હું અને નિલય તને મળવા પણ હું સલુને પહોંચી ત્યારે ત્યાં તું ન હતો મને ત્યાંથી ખબર પડી કે તું છોકરીઓ સાથે બહાર જતો રહે છે…અને મે તને જોયો બીજા સાથે મારી આંખેથી. (વાણી વાત કહેતા રડવા લાગી) કેમ તે એવું કર્યું મારી સાથે? શું મારો પ્રેમ પૂરતો નથી તારા માટે? એ લોકો માટે તું મારા ફોનના જવાબ

નતો આપતો, ના વાત કરતો, ના સામેથી ફોન કરતો અને જેણે મને તારી બનાવા એટલી મહેનત કરી તેને આજે તે લાફો મારી દીધો. શું થયું છે તને? તું એ જ છે જેને હું મળી હતી? જે મિત્રો માટે કઈ પણ કરતો અને આજે એ જ મિત્રને લાફો માર્યો.(રડતા રડતા ગુસ્સામાં) લાગે છે મારાથી જ તને ઓળખવામાં ભૂલ થઈ હશે. સોરી, ગૂડ બાય આકાશ રાવલ..

એમ કહી તે તેના ઘર તરફ ચાલવા લાગી. આકાશે તેને રોકી પણ નહિ. તે ત્યાં જ ઉભો રહી ગયો તેની આંખમાંથી આંસુ પાડવા લાગ્યા, તેને તે બધું યાદ આવવા લાગ્યું જે પળો તેણે નિલય અને વાણી સાથે વિતાવી છે, તેની નજરે તે ખુશીઓ દેખાવવા લાગી જે વાણી અને બીજા મિત્રો સાથે રહીને મળી હતી. તેને તેની ભૂલો પણ દેખાવવા લાગી, નિલયને લાફો મારવો, વાણી સિવાય હિંમતનગરમાં બીજી છોકરીઓ સાથે ફરવું, વાણીને ખોટું બોલી તેની અવગણના કરવી, વાણીના ફોન કાપવા તે બધી જ ભૂલો તેને દેખાવવા લાગી. તેને પછતાવો થવા લાગ્યો અને આખો દિવસ રાહ જોઈ હોવા છતાં તેને એકલું ઘરે જવું પડ્યું.

બીજા દિવસે સવારે આકાશ પોતાનો સામાન સમેટીને હિંમતનગર જવાની તૈયારી કરતો હતો. ત્યાં આકાશે જયને તેના ઘરે આવતા જોયો. જય આકાશ જોડે આવ્યો અને આકાશને લાફો મારી દીધો આકાશે તેની સામે અફસોસ જતાવતા કહ્યું,

આકાશ: (શરમથી મોં નીચે કરતા) હજી માર, હું તેને લાયક છું.

જય:. હા.. તું લાયક છે કેમ કે તે કર્યું એવું છે, જે તારું સારું ઈચ્છતો હતો તેને જ તે લાફો માર્યો, નિલયે કઈ જ ખોટું નથી કર્યું. વાણીએ તને હિંમતનગરમાં બીજી છોકરી સાથે જોઈ ગઇ હતી ત્યારે તે રડી રડીને અડધી થઈ ગઈ હતી અને તે વખતે તેની સાથે બીજુ કોઈ નહિ આપણો નિલય હતો. તે રડતી વાણીને ખભો આપનાર નિલય હતો, નિલય જ છે જેણે વાણીના દિલમાં તારા માટે પ્રેમ જીવંત રાખ્યો છે અને આ બધું નાટક પર તારા માટે ઘડાયું હતું કેમ કે તે વાણીનું દિલ તોડ્યું છે. એ તો સારું છે કે નિલય તેની સાથે હતો નહી તો આજ જે તું વાણીને જોવે છેને તે તારાથી બહુ દૂર જતી રહી હોત.

આકાશ: એ આમ પણ દૂર જતી રહી છે મારાથી. મે તેની સાથે વિશ્વાસઘાત કર્યો છે, તેનું દિલ તોડ્યું છે. હું તેની સામે જવા લાયક નથી.

જય: લાયક ના હોત જો નિલય ના હોત. ચિંતા ના કર. તે તને છોડીને ક્યાંય નથી જવાની.(એમ કહી આકાશને ગળે લાગે છે) પહેલા તારે એની માફી માગવાની છે જેણે તારા માટે ઘણું કર્યું છે.

જય અને આકાશ નિલયને મળવા ફોન કરી તેની પાસે જાય છે. નિલય સાબરમતી નદીના કિનારે બેઠો હોય છે ત્યાં તે બે આવ્યા અને આકાશ બોલ્યો,

આકાશ: નિલુ, સાંભળને… આઇ એમ સોરી. પ્લીઝ મને માફ કરી દે. મારાથી ભૂલ થઈ ગઈ. સોરી યાર.

નિલય: ઇટ્સ ઑકે ભાઈ… મને તારા લાફા મારવાથી ખોટું નથી લાગ્યું.. મને ખોટું લાગ્યું છે કે તે મારી ભાઈબંધી પર શક કર્યો.

આકાશ: સોરી યાર.. બીજી વાર આવું નહિ થાય.. તારે લાફો મારવો હોય તો મારી લે પણ આવું ના બોલીશ. ભૂલ થઈ ગઈ મે તને ખોટો સમજ્યો.

જય નિલયને: તારે મારવાની જરૂર નથી મે આપી દીધી છે.

નિલય: બરાબર દીધી ને?

જય: તને વિશ્વાસ નથી આવતો... લાવ તારો ગાલ.

નિલય: ના ના... વિશ્વાસ છે તારી પર.

ત્રણેય હસવા લાગ્યા અને ભેટી પાડ્યા.

નિલય આકાશને: ચાલ, વાણીને માફી માંગ, મોટી ભૂલ તો તે તેની સાથે કરી છે.

ત્રણેય વાણીના ઘરે ગયા. ત્યાં તેમણે જોયું કે વાણી બેગ ભરી રહી હતી. તે જોઈ આકાશ બોલ્યો,

આકાશ: વાણી, ક્યાં જય છે તું?

વાણી: મારા ઘરે...વડોદરા.

આકાશ: વાણી, મારી વાત તો સાંભળ હું માફી માગવા આવ્યો છું, હવે નઈ થાય એવું, તારી કસમ. હવે તને છોડીને ક્યાંય નહિ જાઉં અને જ્યાં જઈશ ત્યાં તને લઈને જઈશ. સોરી યાર, આ છેલ્લી વાર હતું હવેથી નહિ થાય.

નિલય: હા વાણી, મે તેને માફ કરી દીધો છે તું પણ કરી દે.

વાણી તે બંનેની સામે જોવા લાગી.

આકાશ: તારે મને લાફો મારવો હોય તો મારી દે, પણ મને માફ કરી દે. તારે મને છોડીને ક્યાંય નથી જવાનું.

નિલય: વાણી, હું તો કહું છું આપી દેને એક ખેંચીને બીજીવાર આવું નહિ કરે.

આકાશ નિલય સામે જોવા લાગ્યો. વાણી થોડીવાર અક્સ સામે જોવા લાગી અને તેને ગળે મળી અને કહ્યું,"હવેથી બીજા જોડે ગયો છેને તો હું તને મારી નાખીશ અને હું પણ મારી જઈશ" એમ કહી વાણીએ તેને માફ કરી દીધો. નિલય ત્યાંથી જતા બોલ્યો,

નિલય: તે લાફો ના માર્યો ને હું તને નોકરીમાંથી નીકળી દઉં છું.

આમ તેમના બધા વચ્ચે સરખું થઈ ગયું. જય તેના ઘરે અને તેની નોકરીમાં ખુશ હતો. નિલય તેની ફેક્ટરીએ જવા લાગ્યો. વાણી તેના ઘરે વડોદરા જતી રહી. સમય વીતતો ગયો તેમ બધા પોતાની લાઈફમાં વ્યસ્ત થઈ ગયા. આકાશે એક હોટેલ બનવવાનું નક્કી કર્યું. તેણે પોતાના કાકા જોડેથી પૈસા લીધા અને હિંમતનગરમાં એક રેસ્ટોરન્ટ બનાવી. તેના કામ માટે તેના બધા મિત્રો પણ ત્યાં આવ્યા હતા. બધાએ ભેગા મળીને આકાશને રેસ્ટોરન્ટ તૈયાર બનાવવામાં મદદ કરી અને તેનું નામ રાખ્યું "આકાશવાણી" અને તેનું ભવ્ય ઉદ્ઘાટન કર્યું.

ઉદ્ઘાટનની મોડી રાતે આકાશ અને તેના મિત્રો નિલય, વાણી, જય, રિંકુ અને સાગર બધા બેઠા હતા એટલામાં વાણી સામે આકાશ ઘૂંટણિયે બેઠો અને લગ્ન માટે તેને પ્રપોઝ કર્યો, બધા તેમની તરફ જોવા લાગ્યા, વાણીએ બધે નજર ફેરવી તેના મિત્રો "યસ યસ" ની બૂમો પાડી રહ્યા હતા. વાણીએ લગ્નની હા પાડી અને બધા ખુશ થઈ ગયા અને બૂમો પાડવા લાગ્યા વાણી આકાશને ગળે લાગી. બધા બૂમો પાડી રહ્યા હતા ત્યાં નિલય ચૂપ બેઠો હતો અને વાણીની નજર પડી. વાણી તેની પાસે ગઈ અને

બોલી.

વાણી: નિલોફર, શું થયું? તું ખુશ કેમ નથી.

નિલય: અરે એવું નથી, હું ખુશ જ છું બસ... મૂડ નથી.

એટલું કહ્યું ત્યાં તેના માથા પર આકાશે કેક નાખી અને બધા "હેપી બર્થડે નિલુ" એમ બોલી તેને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી. બધાએ તેના મોઢા પર કેક લગાડી અને ઉજવણી કરી. નિલય મોઢે લાગેલી કેક લૂછીને મોઢું ધોવા ગયો. ત્યાં જય પણ હતો. નિલયને મોઢું ધોયા પછી તે થોડો ચિંતિત દેખાતો હતો તે જોઈ જયે તેને પૂછ્યું,

જય: તું ઠીક છેને?

નિલય: હા....,

બધા આમતેમ થયા એટલે વાણી નિલુ જોડે આવી.

વાણી: મને કેમ એવું લાગે છે તું મારાથી કંઈ છુપાવે છે?

નિલય: (મનની વાત છુપાવતા) એવું લાગ્યું કે મારી બેસ્ટ ફ્રેન્ડ મારો જન્મદિવસ ભૂલી ગઈ કે શું?

વાણી: હું અને મારા બેસ્ટ ફ્રેન્ડનો જન્મદિવસ ભૂલી જાઉં.. એવું ના બને.

નિલય: થેન્ક યુ.

વાણી: તને પણ બહુ જ મોટું થેન્ક યુ. તારા કારણે હું આકાશ સાથે છું અને બહુ જ ખુશ છું. અને તારા જન્મદિવસ પર તેણે મને લગ્ન માટે વાત કરી તે હવે દર વર્ષે મને યાદ રહેશે.

થોડા દિવસો પછી આકાશ અને વાણીના ઘરે લગ્નની તૈયારીઓ થવા લાગી. વાણીને થયું કે તે લગ્ન કરી આકાશના ઘરે જશે તો તેની મમ્મી એકલી શું કરશે. તેને તે વાત ખૂંચવા લાગી. તેણે આ વાત આકાશને કરી એટલે આકાશે કહ્યું કે તેની ચિંતા ના કર, તારી મમ્મી એટલે આપણી મમ્મી પણ આપણી સાથે જ રહેશે. તે સાંભળી વાણીને રાહત થઈ અને આકાશ પ્રત્યે તેનો પ્રેમ વધતો ગયો. તે બે વચ્ચે એવી પણ વાત થઈ કે આપણા મિત્રો આપણા બંનેને ઓળખે છે, તો કોણ કોના તરફ રહેશે. તે પર ચર્ચા કરી અંતે તેમણે નક્કી કર્યું કે વાણીના લગ્નમાં નિલય સાથે રહેશે અને બાકી બધા મિત્રો આકાશ સાથે.

ત્યારબાદ નિલુ વાણીના ઘરે વડોદરા આવ્યો. નિલયના મનમાં તો એક જ વસ્તુ ચાલી રહી હતી કે તે વાણીને પ્રેમ કરે છે પણ કહી નથી શકતો અને તેના લગ્નમાં તે આવ્યો છે અને તે જોઈ નથી શકતો પણ દિલ પર પથ્થર રાખી તે પોતાને ખુશ કરે છે જ્યારે જ્યારે વાણીની નજર તેના પર પડે છે ત્યારે તે તેની સામે જોઈ સ્માઈલ કરે છે પણ તે સ્માઈલ પાછળનું દુઃખ વાણી જાણી ના શકી. નિલય વાણીથી દૂર જઈ રડવા માંગતો હતો પણ વાણી તેને પોતાની નજરથી દૂર કરતી જ નહિ અને નિલુ તેની સાથે જ રહેતો. વાણી નિલોફર બૂમ પાડે એટલે નિલય હાજર થઈ જતો. બીજા દિવસે વાણીના લગ્ન કોઈ પાર્ટી પ્લોટમાં થવાના હતા ત્યાં નિલય વાણીને તેની ગાડીમાં મૂકવા ગયો. વાણી મસ્ત દુલ્હનના જોડામાં સજીધજીને ગાડીમાં બેસી પાર્ટી પ્લોટમાં પહોંચ્યા. હજી આકાશની જાન આવી ના હતી. ગાડીમાંથી ઉતર્યા પહેલા નિલયે વાણીને કહ્યું.

નિલય: મે તને કહ્યું હતું ને કે જ્યાં સુધી હું તને આકાશ સાથે મલાવી ના દઉં ત્યાં સુધી હું તારી સાથે

રહીશ અને જો આજથી તું હંમેશા માટે આકાશની થઈ જવાની છે.

વાણી: થેન્ક યુ યાર, હું તારો જેટલો આભાર માનું એટલો ઓછો છે. હું પણ આશા કરું છું કે તને પણ સારી જીવનસંગિની મળે મારા જેવી.(હસવા લાગી)

નિલય પણ હસવા લાગ્યો. એટલામાં વાણીની બીજી બહેનપણીઓ તેને ગાડીમાંથી ઉતારી દુલ્હનના રૂમ તરફ લઈ ગયા અને જતા જતા વાણી નિલયને બોલી,"જલ્દી આવજે"

તે પછી વાણી દુલ્હનના રૂમમાં બેઠી હતી. આકાશની જાન પણ આવી ગઈ પછી બંને લગ્ન માટે તૈયાર થયા. આકાશની જાન સાથે જય આવ્યો હતો તે સૌથી પહેલા વાણીના રૂમ તરફ ગયો અને પૂછ્યું,"ઓહો... વાણી એકદમ સરસ તૈયાર થઈ છે"

વાણી: થેન્ક યુ. જય

જય: અચ્છા.. નિલયને જોયો ક્યાં છે તે? તેનો ફોન પણ નથી લાગતો.

વાણી: તે છેલ્લે ગાડી પાર્ક કરીને આવવાનો હતો તેના પછી તો મે પણ નથી જોયો. રુક હું ફોન લગાવી જોઉં.

વાણીએ ફોન લગાવ્યો પણ સ્વિચ ઓફ આવતો હતો. જય ત્યાંથી પાર્કિંગ તરફ ગયો પણ ત્યાં જઈને જોયું તો પાર્કિંગમાં તેની ગાડી ના હતી. જય પાછો આવ્યો, આકાશ અને વાણીના સારી રીતે લગ્ન સંપન્ન થયા. વાણી તેની મમ્મી સાથે આકાશના ઘરે રહેવા આવી ગઈ. તે પછી તેઓને જ્યારે ખબર પડી કે નિલય લગ્ન વખતે ક્યાંય દેખાયો જ નહિ તો આકાશ અને વાણી તેમના મિત્રો સાથે વાત કરી પૂછપરછ કરી પણ કોઈને ખબર ના હતી કે તે ક્યાં છે, વાણીએ તેની ફેક્ટરી અને તેના ઘરે જઈને પણ તપાસ કરી. વાણીએ નિલયના પપ્પા સાથે વાત કરી પણ તેના પપ્પાએ કહ્યું કે તે છેલ્લે તારા લગ્નમાં ગયો છે એવું કહીને ગયો છે ત્યારપછી તો ઘરે નથી આવ્યો.

નિલયને શોધવાની તેમણે બહુ કોશિશ કરી પણ તે મળ્યો નહિ. સમય જતાં જતાં લોકો તેમના કામમાં વ્યસ્ત થતાં ગયા. ધીરે ધીરે લોકો તેને ભૂલતા ગયા કદાચ ક્યાંય વાત કરતા મોઢે નામ આવી જાય તો તેની વાત કરી તેને યાદ કરતા. પણ વાણીના મનમાં તે હંમેશા રહ્યો, તે તેનો ખાસ મિત્ર હતો, જ્યારે પણ કોઈ દરવાજે આવે એટલે તે વિચારતી કે નિલોફર હશે, કોઈ અજાણ્યા નંબરથી ફોન આવતો તો પણ થતું કે નિલોફર હશે, કદાચ લોકો ભૂલી ગયા હશે પણ વાણી તેના બેસ્ટ ફ્રેન્ડને ભૂલી ના શકી. તેને યાદ કરીને ક્યારેક કોઈને ખબર ન પડે તેમ રડી લેતી.

હું આજે પણ બધાના ટચમાં છું બસ મારો ભાઈ મારો નિલય સાથે નથી. અહીં આ કહાનીનો અંત આવે છે.

અહીંયા કૃતિકા વાંચી રહેલી બુકનો અંત આવ્યો. તે વાંચી સૂઈ ગઈ અને સવાર પડી એટલે તે બુક લઈને તેના પપ્પા જય સામે ગઈ.

જય: મને ખબર હતી તારી મમ્મી તને આ બતાવશે જ.

કૃતિકા(નિલયનું વાંચી ઉદાસ સ્વરે): પપ્પા, તો વાણી આંટીને હજી નથી ખબર કે નિલય અંકલ તેમને લવ કરે છે?

જય: ના.

કૃતિકા: તમને કેવી રીતે ખબર પડી એવું તો એમાં ક્યાંય લખ્યું જ નથી.

જય: જ્યારે આકાશે વાણીને પ્રોપોઝ કર્યો હતો ત્યારે નિલયનો જન્મદિવસ પણ હતો.

કૃતિકા: હા એ તો લખ્યું છે.

જય: તે મોઢું ધોવા ગયો ત્યારે હું પણ ત્યાં હતો મે તેને ઉદાસ ચેહરે જોયો એટલે મે પૂછ્યું કે, "શું થયું તું ઠીક તો છેને?" તેણે મને કહ્યું હતું,"યાર, જય એક વાત કહું, વાણી સાથે રહીને મને તેની આદત પડી ગઈ છે, તે મને બેસ્ટ ફ્રેન્ડ માને છે હું પણ.. પણ તે મને ગમવા લાગી છે યાર, પણ શું કરું આકાશ પણ મારો જ દોસ્ત છે હું તેનું પણ દિલ તોડી ના શકું. વાણીએ મને કહ્યું હતું કે બેસ્ટ ફ્રેન્ડ નો બોયફ્રેન્ડ હોય અને બેસ્ટ ફ્રેન્ડ એ પ્રેમનો ઈઝહાર કરી ફ્રેન્ડશીપ ખરાબ ના કરવી જોઈએ. મે કહ્યું,"બસ, શાંત થઈ જા, વાણી સાચું કહે છે, અત્યારે તું કહીશ તો ત્રણેયની લાઇફ બગડશે, તું કઈ ના કરે તો તે બેય ખુશ રહેશે, વાણી પણ ખુશ રહેશે" તેણે કહ્યું," હા… વાણી ખુશ તો હું ખુશ. ભાઈ આ વાત કોઈને કહેતો નહિ, કોઈને ખબર પડશે તો પ્રોબ્લેમ થઈ જશે" બસ એની આ વાતને મે હંમેશા રાઝ રાખી છે.

કૃતિકા: હમમ…

જય: તું આ પબ્લિશ કરીશ?

કૃતિકા: ના..

થોડા દિવસો પછી કૃતિકા વાણી અને આકાશના ઘરે ગઈ. આકાશ અને વાણીની છોકરી પ્રતીક્ષા તેની બહેનપણી હતી. તેને મળવા બહાને તેણે વાણી સાથે વાતો કરી.

કૃતિકા: આંટી, મે સાંભળ્યુ તમારે એક દોસ્ત હજી પણ હતો. નિલય. પપ્પા કહે છે તે બહુ જ મજાકિયા હતા, સિરિયસ બાબતમાં પણ મજાક કરતા. તે તમારા બેસ્ટ ફ્રેન્ડ હતાને?

વાણી: હા… નિલોફર. મારો ખાસ મિત્ર.

કૃતિકા: યાદ આવતી હશે નહિ તમને! પપ્પા કહેતા હતા તમારા લગ્ન પછી તે દેખાયા જ નથી.

વાણી: હા યાદ તો આવે છે પણ શું કરીએ. મારી પાસે તેની યાદો સિવાય કહી નથી.

કૃતિકા: આઇ વિસ કે તે પાછા આવી જાય.

વાણી: હું પણ.

ત્યારપછી કૃતિકા પ્રતીક્ષા સાથે બહાર જતી રહી અને વાણી ઉદાસ થઈ ગઈ તેણે તેના કબાટમાંથી એક પત્ર કાઢ્યો. જે પત્ર તેણે નિલયે લખ્યો હતો જ્યારે તેના પેટમાં પ્રતીક્ષા હતી. વાણીના લગ્નના ચાર વર્ષ પછીની વાત છે જ્યારે ઘરમાં વાણી જ હતી અને આકાશ તેના કામ પર ગયો હતો. નિલય જ તેના ઘરે આવી દરવાજો ખખડાવી એક ભેટ સાથે પત્ર છોડી ગયો હતો. ભેટમાં એક નાની ક્રિષ્ના ભગવાનની મૂર્તિ હતી. વાણીએ પત્ર જોયો અને તેના ખાસ મિત્ર તેના બેસ્ટ ફ્રેન્ડ નિલોફર ને યાદ કરવા લાગી. તે પત્ર લખ્યું હતું કે,

" Dear વાણી,

હેલ્લો વાણી, આશા છે કે તું મજામાં છે. હું જાણું છું કે તમે મને શોધવાની બહુ કોશિશ કરી

હશે, પણ તમને બધાને સોરી કહું છું. વાણી, મે તને ઘણીવાર પોતાના દિલની વાત કહેવાની કોશિશ કરી પણ ક્યારેય કહી ના શક્યો, તારી સાથે બેસ્ટ ફ્રેન્ડ રહીને તારી સાથે રહ્યો તે મારા જીવનની યાદગાર પળો છે જેને હું ક્યારેય નહી ભૂલી શકું, તે મારી બહુ જ રાહ જોઈ હશે તને મારી યાદ પણ આવતી હશે પણ સોરી યાર, તું મારા માટે એ છે જેને હું બીજા સાથે જોઈ નહિ શકું ભલેને પછી તે મારો મિત્ર જ કેમ ના હોય. તું આકાશ સાથે જ છે તે જાણીને મને ખુશી થાય છે કે તે તને ક્યારેય દુઃખી નહિ કરે, અને આ લેટર એટલા માટે લખ્યો છે કે તારા લગ્ન ના ચાર વરસ થઈ ગયાં છે તારો અને આકાશનો પ્રેમ ઘણો વધી ગયો હશે અને તારા ઘરે નાનો મહેમાન આવવાનો છે અને હવે તને આ વાતની જાણ થાય કે હું તને પ્રેમ કરું છું તો કોઈ દોસ્તી કે કોઈ સબંધ નહિ બગડે. હા,વાણી હું પણ તને પ્રેમ કરું છું અને કરતો રહીશ. બાય ધ વે, તારે છોકરી આવે તો તેનું નામ પ્રતીક્ષા ના પાડતી કેમ કે તે મારી બહુ પ્રતીક્ષા કરી હશે અને છોકરો આવે તો તેનું નામ મારા પર થી તો બિલકુલ ન પાડતી. વાણી, હું પણ તને લવ કરું છું અને કરતી રહીશ. અને હા તું મારા પપ્પા પાસે ગઈ હતી મારું પૂછવા મારા પપ્પા તરફથી પણ સોરી, તે તને ખોટું બોલ્યા, મારા પપ્પા જાણે છે કે હું તને પ્રેમ કરું છું અને મે જ કહ્યું હતું કે તને કઈ ના કહે. હું આપણા દેશથી દૂર પરદેશ છું. અને તને મજાની વાત કહું, મારા પણ લગ્ન થઈ ગયા છે અને મારી વાઈફ છેને બિલકુલ તારા જેવી લાગે છે જેવું તે કહ્યું હતું ને મને તારા જેવી મળશે. અને તેને મારી બધી ખબર છે તેમ છતાં તે મને પ્રેમ કરે છે અને હવે તો મને પણ થઈ ગયો. મે તને ક્રિષ્ના ભગવાનની મૂર્તિ મોકલી છે કેમ કે અમારા બેયમાં એક વાત કોમન છે કે અમને બંનેને પોતાનો પ્રેમ મળ્યો નથી. તારા માટે એક સાયરી લખી છે મે..

"વીતી ગયેલો સમયનો જ્યારે પણ ખ્યાલ આવે છે, તારી સાથે વિતાવેલી હરેક ક્ષણો યાદ આવે છે

કેવી અદભૂત અને સુહામણી હતી એ રંગીન પળો,

બહુ યાદ આવે છે તારો અને મારો મનમેળો"

બસ આમ આપણે બંને પોતપોતાની લાઈફમાં ખુશ રહીએ. આ તો તને મારી યાદ આવતી હતી એટલે એક લેટર લખી દીધો એટલે તને ચિંતા ના થાય મારી કે હું જીવું છું કે નઈ, ક્યાં છું, શું કરતો હશે. અરે મારી દોસ્ત વાણી, હું જીવું છું, સારો છું, સ્વસ્થ છું અને ખુશ છું બસ તું પણ ખુશ રહેજે... બસ હું પાછો નહીં આવું અને તને પહેલી અને છેલ્લી વાર એક વાત કહેવા માંગુ છું "I love you forever and always and i miss you too"

Your Best friend

નિલોફર

****The End****

અમારી કહાની કેવી લાગી તેના રિવ્યૂ જણાવવા માટે સંપર્ક કરો.

Email Id :- ashu425parekh@Gmail.com